# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૧ * અંક-૧૦ * જૂન, ૨૦૧૭



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જેમાં જરા પણ ધૂમાડો નથી, જે પવનના ઝપાટાથી બુઝાઈ જતો નથી, જે એક ક્ષણમાં કર્મરૂપી પતંગીયાઓને બાળી નાખે છે, જેમાં બત્તીનું ઢાંકણ નથી અને જેમાં ઘી, તેલ વગેરે આવશ્યક નથી, જે મોહરૂપી અંધકારને મટાડે છે, જેમાં કિંચિત્ પણ આંચ નથી તેમ જ ન રાગની લાલાશ છે, જેમાં સમતા, સમાધિ અને યોગ પ્રકાશિત રહે છે તે જ્ઞાનની અખંડ જ્યોતિ સ્વયંસિદ્ધ આત્મામાં સ્ફુરિત થઈ છે—શરીરમાં નથી. ૧૬૧૭. *(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, નિર્જરા દ્વાર, ૫દ-૩૮)*

● જિનકે હાથ, નાક આદિ અવયવ કટેં હોં તથા જો વિરૂપ હોં, ઔર જો દરિદ્રી તથા રોગી હોં વા કુલ જાત્યાદિસે હીન હોં ઉનકા ભૂષણ સત્ય વચન બોલના હી હૈ. અર્થાત્ યહી ઉનકી શોભા કરનેવાલા હૈ, ક્યોંકિ જો ઉક્ત સમસ્ત બાતોંસે હીન હો ઔર સત્ય વચન બોલતા હો. ઉનકી સબ કોઈ પ્રશંસા કરતેં હૈ. ૧૬૧૮.

*(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ—૯, શ્લોક-૩૦)*

● ભૂખ-તરસ વગેરે દ્વારા જે કાંઈ પણ દુઃખ થાય છે તે બધું શરીરાશ્રિત છે, નિશ્ચયથી તે (દુઃખ) મને નથી, કારણ કે હું સ્વભાવે બાધારહિત છું. ૧૬૧૯.

*(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, નિશ્ચય પંચાશત, શ્લોક-૨૪)*

● જે જીવ સારી રીતે સંયત હોય, તે (જીવ) પણ લૌકિક સંગથી (લૌકિકજનના સંગથી) અસંયત જ થાય છે, કારણ કે અગ્નિની સંગતિમાં રહેલાં પાણીની માફક તેને વિકાર અવશ્યંભાવી છે, માટે લૌકિક સંગ સર્વથા નિષેધ્ય જ છે. ૧૬૨૦. *(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર—ટીકા, ગાથા—૨૬૮)*

● સંયમસે સંયુક્ત ઔર ધ્યાનકે યોગ્ય ઈસ પ્રકાર જો મોક્ષમાર્ગ ઉસકા લક્ષ્ય અર્થાત્ લક્ષણેયોગ્ય—જાનનેયોગ્ય નિશાના જો અપના નિજ સ્વરૂપ વહ જ્ઞાન દ્વારા પાયા જાતા હૈ, ઈસલિયે ઈસ પ્રકારકે લક્ષ્યકો જાનનેકે લિયે જ્ઞાનકો જાનના. ૧૬૨૧. (શ્રી કુંદકુંદાચાર્ય, બોધપાહુડ, ગાથા—૨૦)

● જેમ અગ્નિ કાષ્ટને ભસ્મ કરી તેના અભાવમાં ઉલટી નિર્મળરૂપે પ્રજ્વલે છે, તેમ નિર્મળ જ્ઞાનરૂપ અગ્નિ દેહાદિરૂપ કાષ્ટને ભસ્મ કરી ઉલટી તે દેહાદિના અભાવમાં અત્યંત નિર્મળપણે પ્રકાશિત થાય છે. યતિપુરુષનું આચરણ સર્વથા આનંદ અને આશ્ચર્યનું સ્થાન થાય છે. ૧૬૨૨.

(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક—૨૬૪)

વર્ષ–૧૧
અંક–૧૦




વિ. સંવત
૨૦૭૩
June
A.D. 2017



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




અહીં કહે છે અનંત ગુણોનું એકરૂપ તત્ત્વ જે જીવ તે જ્યારે પોતાની નિર્મળ પર્યાયમાં સ્થિત થાય છે ત્યારે તેના જેટલા ગુણ છે તેના અંશ વ્યક્તરૂપે પ્રગટ થાય છે. શુદ્ધિમાં કેટલાક ગુણની શુદ્ધિ થાય ને કેટલાક ગુણની ન થાય એમ નથી, પરંતુ અહીં તો મોક્ષમાર્ગની અપેક્ષાએ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત એમ કહ્યું છે. પરંતુ જેનો છેડો નથી એટલા ગુણો અંશે વ્યક્ત થાય છે, તેમાં સ્થિત છે તે સ્વસમય છે.

જીવ પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત છે એટલે બધા ગુણો તે વિકારી પર્યાયમાં સ્થિત નથી અને કર્મના જે પરમાણુ છે તે વિભાવરૂપે પરિણમેલ છે, વિભાવરૂપે પરિણમનમાં કર્મની પર્યાયરૂપે બધા ગુણો પરિણમ્યા છે એમ નથી. જેમ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્રમાં સર્વ ગુણ વ્યક્તપણે પરિણમ્યા છે તેમ કર્મના પરમાણુમાં બધા ગુણો વિકારપણે પરિણમ્યા છે એમ નથી, આત્મામાં પણ એમ છે. આત્મામાં જે અશુદ્ધપણું છે તેમાં બધા ગુણો અશુદ્ધપણે થાય છે એમ નથી. કેટલાક ગુણો અશુદ્ધ થાય છે બાકી કેટલાક ગુણો તો અભવિને પણ પર્યાયમાં સદા શુદ્ધ રહે છે, જેમ કે અસ્તિત્વ ગુણ સદાય શુદ્ધપણે જ પરિણમે છે.

એક શ્લોકમાં કેટલું સમાડી દીધું છે ! કર્મના પ્રદેશ કહ્યા, પણ એ તો પરમાણુ

> ફળ પક્વ ખરતાં, વૃંત સહ સંબંધ ફરી પામે નહીં,
> ત્યમ કર્મભાવ ખર્યે, ફરી જીવમાં ઉદય પામે નહીં. ૧૬૮. –શ્રી સમયસાર

જડ છે, પણ તેનો જે અનુભાગ છે તેના તરફના લક્ષમાં જઈને જે વિકાર તરીકે પરિણમ્યો છે તેને અણાત્મા—પરસમય કહેવામાં આવે છે.

જે જીવ પુદ્‌ગલકર્મના પ્રદેશમાં સ્થિત છે એટલે કે વિકાર એ કર્મનો સ્વભાવ છે આત્માનો સ્વભાવ નથી તેથી પુણ્ય-પાપના પરિણામમાં જે સ્થિત છે તેને પરસમય જાણ. કેમકે પર્યાયમાં વિકારપણે થવું એ આત્મા નથી, એ આત્માનો સ્વભાવ નથી. વિકારપણે થવું તે અણાત્મા છે.

સમય શબ્દનો અર્થ આ પ્રમાણે છે 'સમ્' એટલે એકપણું અને 'અય ગતો' ધાતુ છે તેનો અર્થ ગમન પણ છે અને જ્ઞાન પણ છે. તેથી પરિણમન અને જાણવું એવી બે ક્રિયાને એક સમયમાં એકત્વપણે કરે તે સમય છે. આત્માને સમય કેમ કહ્યો ?—કે એક સમયમાં પરિણમે અને જાણે એવી બે ક્રિયા કરે છે તેથી આત્માને સમય કહ્યો છે. આ જીવ નામનો પદાર્થ એકત્વપૂર્વક એક જ કાળે પરિણમે પણ છે ને જાણે પણ છે તેથી તે સમય છે. જાણવાનું કાર્ય પણ કરે ને પરિણમે એમ બે ક્રિયા એક જ સમયે એકત્વપૂર્વક કરે તેને સમય—આત્મા કહે છે.

સમયસાર સાંભળવા ને સમજવા મળે—એ કરવાનું છે. બાકી તો આ બધું ઢોર જેમ જેઓ એકલા રાગાદિ ને ધંધાદિ કર્યા કરે છે તે ઢોર થવાના ! આ સમજી લેવા જેવું છે. અહીં તો કહે છે કે એક સમયમાં, ધ્રુવ ધ્રુવપણે રહીને અનંતા ગુણોનું હલચલ—પરિણમન થાય છે અને તે જ સમયે જ્ઞાન તેને જાણે એવી બે ક્રિયાને એકત્વપૂર્વક કરે તે સમય છે. એકત્વપૂર્વક બે ક્રિયા કરે, કાળભેદ નહીં. જે વખતે પરિણમે તે વખતે જ જાણે. જ્ઞાન પોતે જે સમયે પરિણમે છે તે જ સમયે પોતાને જાણે છે. એક જ સમયે અનંતગુણ પરિણમે છે, જ્ઞાનગુણ પણ પરિણમે છે અને તે જ સમયે જ્ઞાન બધાને જાણે છે. હજી તો આત્મા કોને કહેવો તેની વાત ચાલે છે. જ્ઞાનનું ને અનંતગુણનું પરિણમન એક જ સમયમાં છે અને તે જ સમયે તેને જાણે છે, પરિણમવું ને જાણવું ભિન્ન ભિન્ન સમયમાં નથી.

## જીવનું લક્ષણ : ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ

આ જીવ પદાર્થ કેવો છે ?—કે સદાય પરિણમનસ્વરૂપ છે. તેની પર્યાયનું સદાય એક ધારાપ્રવાહે પરિણમવું છે. નવી પર્યાય ઉત્પન્ન થાય ને જૂની વ્યય થાય—એ રીતે

**જે સર્વ પૂર્વનિબદ્ધ પ્રત્યય વર્તતા તે જ્ઞાનીને,**<br>
**છે પૃથ્વીપિંડ સમાન ને સૌ કર્મશરીરે બદ્ધ છે. ૧૬૯.**　　**—શ્રી સમયસાર**

સદાય ક્રમસર પરિણમન થાય છે, સદાય પરિણમનસ્વરૂપ સ્વભાવમાં રહેલો એ ધ્રુવ છે. પરિણમનસ્વરૂપ ઉત્પાદ-વ્યય અને સ્વભાવમાં રહેલો તે ધ્રુવ છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપમાં રહેલો છે એટલે કે પરિણમનમાં રહેલો છે તે ઉત્પાદ-વ્યય અને કાયમી નિત્ય રહેલો છે તે ધ્રૌવ્ય જીવ પદાર્થ ટકતી ને બદલતી ચીજ છે.

સદાય પરિણમનસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ એટલે કે ત્રણનું એકપણે થવું જેનું લક્ષણ છે, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યને અનુસરીને થવું એ જેનું લક્ષણ છે, એવી સત્તાથી સહિત તે જીવ-પદાર્થ છે. આ વિશેષણથી જીવની સત્તાને નહીં માનનાર નાસ્તિકવાદીના મતનું તથા જીવને અપરિણામી માનનારા સાંખ્યવાદીના મતનું ખંડન થયું.

## દર્શનજ્ઞાન—જ્યોતિસ્વરૂપ જીવ

વળી જીવ કેવો છે?—કે તેનું સ્વરૂપ ચૈતન્ય છે. જાણવું-દેખવું તેનું કાયમી સ્વરૂપ છે. ચૈતન્ય સ્વરૂપથી નિત્ય ઉદ્યોતરૂપ પ્રકાશમાન જીવ છે. ત્રિકાળી તત્ત્વ કેવું છે તેની વાત કરી કે ચૈતન્યસ્વરૂપ નિત્ય ઉદ્યોતરૂપ નિર્મળ સ્પષ્ટ દર્શન-જ્ઞાન જ્યોતિસ્વરૂપ છે. એ તો પ્રત્યક્ષ દર્શન-જ્ઞાનજ્યોતિસ્વરૂપ જીવપદાર્થ છે. જીવ દ્રવ્ય છે તે ત્રણે કાળે ચૈતન્યપણાને કારણે દર્શન-જ્ઞાનસ્વરૂપ છે. અહીં તો ત્રિકાળીની દૃષ્ટિ કરાવીને દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થયેલો તે સ્વસમય છે એમ બતાવ્યું છે.

## અનંત ધર્મોમાં રહેલું જીવદ્રવ્ય

વળી કેવો છે?—કે અનંત ધર્મોમાં રહેલું એક ધર્મીપણું તે દ્રવ્ય છે. કેમકે અનંત ધર્મોની એકતા તે દ્રવ્ય છે. દર્શન-જ્ઞાન આદિ ધર્મો અપાર છે અને તે ગુણો એક ગુણ જ્યાં વ્યાપક છે ત્યાં અનંતગુણો વ્યાપક છે. ધર્મો અનંત કે જેનો કોઈ અંત નહીં ને એ ધર્મોમાં દરેક ધર્મ વ્યાપક છે એટલે?—કે આત્મામાં અનંત ગુણ છે તેમાં જ્ઞાન ગુણ ઉપર ને બીજો ગુણ નીચે—એમ ક્ષેત્રભેદ નથી, જ્યાં જ્ઞાન ગુણ છે ત્યાં બીજા ગુણો વ્યાપક છે. જેમ આંગળીનું ઉપરનું રજકણ નીચેના રજકણની સાથે નથી તેમ ગુણોમાં નથી. અનંતા ગુણો એકીસાથે છે. જેમ કેરીમાં રંગથી દેખો તો, ગંધથી દેખો તો, તે આખી કેરીમાં વ્યાપક છે. તેમ અનંત ધર્મો છે તેમાં જ્યાં એક ધર્મ છે ત્યાં જ બીજા અનંતા ધર્મો છે. એક ગુણ છે તે બીજારૂપે થયો નથી પણ જ્યાં એક ગુણ છે ત્યાં બીજા અનંતગુણો વ્યાપક

(જુઓ અનુસંધાન પેજ નં. ૮ ઉપર)

**ચઉવિધ પ્રત્યય સમયસમયે જ્ઞાનદર્શનગુણથી**
**બહુભેદ બાંધે કર્મ, તેથી જ્ઞાની તો બંધક નથી. ૧૭૦. —શ્રી સમયસાર**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષાની ગાથા ૯૯મી વંચાય છે.

**अप्पसरूवं वत्थुं चत्तं रायादिएहिं दोसेहिं ।**
**सज्झाणम्मि णिलीणं तं जाणसु उत्तमं चरणं ।।९९।।**

**અર્થ :—**જે આત્મસ્વરૂપ વસ્તુ છે તેમાં રાગાદિ દોષરહિત ધર્મ શુક્લધ્યાનપૂર્વક લીન થવું તેને હે ભવ્ય! તું ઉત્તમ ચારિત્ર જાણ! ૯૯.

ભગવાન મહાવીરે કહેલી કરણાનુયોગની પ્રણાલિકા આ ષટ્ખંડાગમ વગેરેમાં રહી ગઈ છે ને દ્રવ્યાનુયોગની પ્રણાલિકા સમયસારાદિમાં રહી ગઈ છે. આ સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઘણો જૂનો ગ્રંથ છે. ભગવાન કુંદકુંદાચાર્યદેવ પહેલાં સ્વામીકાર્તિક થઈ ગયા; તેમાં ૯૯મી ગાથામાં ચારિત્રનું વર્ણન છે.

આત્મસ્વરૂપમાં લીન થવું તે જ ચારિત્ર છે. વસ્તુ એટલે શું? જેમાં પોતાના ગુણપર્યાય વસે તેને વસ્તુ કહેવાય છે. આત્મામાં પોતાના અનંત ગુણપર્યાયો વસે છે, તેથી આત્મા વસ્તુ છે. આત્મવસ્તુને ઓળખીને તેમાં રાગરહિત લીનતા થવી, તે ઉત્તમ ચારિત્ર છે. આત્માના અનાકુળ શાંત સ્વરૂપમાં લીન થઈ જતાં આકુળતા ન રહે તેનું નામ ચારિત્ર છે. આત્માનું સ્વરૂપ શું છે? તે ઓળખીને તેના આનંદમાં લીન થઈ જાય ને રાગની ઉત્પત્તિ જ ન થાય—એનું નામ ચારિત્ર છે.

જ્ઞાન-દર્શનમય આત્માના સ્વભાવની દૃષ્ટિ કરીને તેમાં એકાગ્રતા થાય તે ધર્મધ્યાન અને શુકલધ્યાન છે. આ ધર્મધ્યાન ને શુક્લધ્યાનમાં રાગ નથી. અંદર નિરાવરણ નિર્દોષ ચિદાનંદ વસ્તુમાં લીનતા હોય ને બહારમાં નિર્ગ્રંથદશા હોય તેને ચારિત્રદશા કહે છે. આ સિવાય વસ્ત્રાદિ પરિગ્રહ હોય ને મુનિપણું માને તેણે તો અનાદિ સનાતન સત્યને વિપરીત કરી નાખ્યું છે. એકલી નગ્નદશા હોય ને અંદર ચૈતન્યમાં લીનતા ન હોય તો તેને પણ ચારિત્ર નથી. આત્માના આનંદમાં લીનતા તે ચારિત્ર છે તે સંવર છે.

**જે જ્ઞાનગુણની જઘન્યતામાં વર્તતો ગુણ જ્ઞાનનો,**
**ફરીફરી પ્રણમતો અન્યરૂપમાં, તેથી તે બંધક કહ્યો. ૧૭૧. –શ્રી સમયસાર**

આ પ્રમાણે સંવરને જે આચરતો નથી તે સંસારમાં રખડે છે એમ કહે છે.

एदे संवरहेदू वियारमाणो वि जो ण आयरइ ।
सो भमइ चिरं कालं संसारे दुक्खसंतत्तो ।।१००।।

**अर्थ :—**જે પુરુષ ઉપર પ્રમાણે સંવરનાં કારણોને વિચારતો છતાં પણ તેને આચરતો નથી તે દુઃખોથી તપ્તાયમાન થતો થકો ઘણા કાળ સુધી સંસારમાં ભ્રમણ કરે છે. ૧૦૦.

‘‘આત્મજ્ઞાન ત્યાં મુનિપણું’’ એમ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે, પણ તેમાં એવો આશય સમજવો કે આત્મજ્ઞાન વગર મુનિપણું હોય નહિ. ગૃહસ્થને આત્મજ્ઞાન હોય પણ મુનિદશા ન હોય, ઘરમાં બેઠો હોય ને છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતો હોય—એમ બને નહિ. આત્માની વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-રમણતાને જે આચરતો નથી તે જીવ ચાર ગતિના દુઃખ ભોગવતો થકો સંસારમાં પરિભ્રમણ કરે છે. ચૈતન્યના ભાનસહિત ચારિત્રદશા વગર મોક્ષ થાય નહિ. સમ્યગ્દર્શન પછી પણ અંદરમાં લીન થઈને જે વિરક્તદશા પ્રગટે તેને એક-બે ભવમાં મુક્તિ થઈ જાય છે. શક્તિ ન હોય તો મુનિદશાની ભાવના રાખવી, પણ મુનિપણું બીજી રીતે ન માનવું.

जो पुण विसयविरत्तो अप्पाणं सव्वदा वि संवरइ ।
मणहरविसएहिंतो तस्स फुडं संवरो होदि ।।१०१।।

**अर्थ :—**જે મુનિ ઈન્દ્રિયોના વિષયોથી વિરક્ત થયો થકો મનને પ્યારા જે વિષયો તેનાથી આત્માને સદાય નિશ્ચયથી સંવરરૂપ કરે છે, તેને પ્રગટપણે સંવર થાય છે. ૧૦૧.

સમ્યગ્દષ્ટિ જીવ ઈન્દ્રિય વિષયોને ત્યાગી ન હોય, તેને હજી રાગ હોય છે. તેને વિષયોમાં સુખબુદ્ધિ તો હોતી નથી, પણ હજી અવિરતિનો રાગ હોય છે ને મુનિને તો ચિદાનંદ આત્મામાં લીનતા થઈ છે ને તેઓ વિષયોથી વિરક્ત થઈ ગયા છે. સ્વભાવની લીનતામાં એવી વિરક્તદશા પ્રગટી ગઈ છે કે ઉપરથી ઈન્દ્રાણી આવે તોપણ તેમને ચલાયમાન કરવા સમર્થ નથી. મનને પ્યારા એવા પાંચ ઈન્દ્રિયોના વિષયો પ્રત્યેથી રુચિ તો સમ્યગ્દષ્ટિને છૂટી ગઈ છે ને મુનિને તો તેની આસક્તિ પણ છૂટી ગઈ છે, અંદરમાં ચૈતન્યસ્વભાવને જ સ્વવિષય બનાવીને તેમાં લીન પડ્યા છે. એવા સંતો જંગલમાં વસતા

ચારિત્ર, દર્શન, જ્ઞાન જેથી જઘન્ય ભાવે પરિણમે,
તેથી જ જ્ઞાની વિવિધ પુદ્ગલકર્મથી બંધાય છે. ૧૭૨. –શ્રી સમયસાર

ને વીતરાગ ભાવમાં ઝૂલતા હોય છે, તેમને સંવર હોય છે.

આત્મજ્ઞાન થવા છતાં જેને હજી વિષયોથી અત્યંત વિરક્તદશા પ્રગટી ન હોય તેને મુનિદશા હોતી નથી. આત્માના ભાન વિના બહારમાં ઘરબાર છોડી જંગલમાં જઈને રહે તેને કાંઈ ચારિત્ર નથી. આત્માનું ભાન હોય ને અંદર ચૈતન્યસ્વરૂપમાં રમણતા પ્રગટી હોય તેને જ વ્રત-પડિમા ને મુનિદશા હોય છે. અગિયારમી પડિમા સુધી શ્રાવકદશા છે. ત્યાં લંગોટી વગેરે હોય, પણ ત્યાર પછી વીતરાગતા વધતાં મુનિદશા પ્રગટે, ત્યાં વસ્ત્રનો એક તાણો પણ ન હોય—આવો સંતોનો માર્ગ છે. જો વસ્ત્રનો એક તાણો પણ રાખીને મુનિદશા મનાવે તો તે જીવ સનાતન માર્ગનો વિરોધ કરીને નિગોદમાં જશે—એમ કુંદકુંદાચાર્ય ભગવાન અષ્ટપ્રાભૃતમાં કહે છે.

ગુપ્તિ સમિતિ વૃષ ભાવના, જયન પરિષહકાર;
ચારિત્ર ધરે સંગ તજી, સો મુનિ સંવરધાર.

ચિદાનંદ આત્મસ્વભાવની દૃષ્ટિ પ્રગટ કરીને જે મુનિઓ ચિદાનંદસ્વરૂપમાં ગુપ્ત થયા છે, શાંતિમાં રમણતારૂપ સમિતિ પાળે છે, ઉત્તમ ક્ષમાદિ ધર્મના વીતરાગભાવમાં ઝૂલે છે, વીતરાગભાવે પરિષહજય કરે છે, ચૈતન્યમાં લીનતારૂપ તપ કરે છે ને સ્વરૂપમાં રમણતારૂપ ચારિત્ર પાળે છે, એવા મુનિને સંવર હોય છે. સમ્યગ્દૃષ્ટિને પોતાની ભૂમિકા પ્રમાણે સંવર હોય છે, પણ મુખ્ય સંવર મુનિને ગણ્યો છે.

વૈરાગ્યની બાર ભાવનાઓ તીર્થંકર ભગવંતો પણ દીક્ષા પહેલાં ભાવે છે, તેમાં આઠમી સંવર ભાવનાનું વર્ણન પૂરું થયું. (ક્રમશઃ)

---

(અનુસંધાન પેજ નં. ૫ થી ચાલુ)

છે. એવા અનંત ગુણોમાં વ્યાપક તે દ્રવ્ય છે. આ વિશેષણથી વસ્તુને જ્ઞાનાકારસ્વરૂપ નહીં માનતા મતનો નિષેધ થયો.

હજુ 'જીવો'ની વાત ચાલે છે. અહીં જે અનંત ધર્મો કહ્યાં છે તેમાં ગુણોની વાત છે, પર્યાયની વાત નથી, તેમ પુણ્ય-પાપના પરિણામની તો વાત છે જ નહીં. અનંત ગુણોનું એકરૂપ તે દ્રવ્ય છે—એમ કહીને હવે પર્યાય સિદ્ધ કરે છે. (ક્રમશઃ)

જે સર્વ પૂર્વનિબદ્ધ પ્રત્યય વર્તતા સુદૃષ્ટિને,
ઉપયોગને પ્રાયોગ્ય બંધન કર્મભાવ વડે કરે. ૧૭૩. –શ્રી સમયસાર

# શ્રાવકને પુણ્યફળપ્રાપ્તિ અને મોક્ષની સાધના

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

મુનિધર્મ અને શ્રાવકધર્મ–એમ બંને પ્રકારનો ધર્મ ભગવાને ઉપદેશ્યો છે, એ બંને ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. ત્યાં જેટલો રાગ ટળીને શુદ્ધતા પ્રગટી તેટલો નિશ્ચય ધર્મ છે, ને મહાવ્રત–અણુવ્રત કે દાન–પૂજા વગેરે સંબંધમાં જેટલો શુભરાગ રહ્યો તેટલો તે ભૂમિકાનો વ્યવહારધર્મ છે. ધર્મી જીવ સ્વર્ગમાં જાય ત્યાં પણ જિનેન્દ્રપૂજન કરે, ભગવાનના સમવસરણમાં આવે, નન્દીશ્વરદ્વીપે જાય, ભગવાનના કલ્યાણક પ્રસંગો ઉજવવા આવે,—એમ અનેકવિધ શુભ કાર્યો કરે છે. દેવલોકમાં ધર્મીનું આયુષ એટલું હોય કે દેવના એક ભવમાં તો અસંખ્ય તીર્થંકરોના કલ્યાણક ઊજવે. આથી દેવોને 'અમર' કહેવાય છે.

જુઓને, જીવના પરિણામની તાકાત કેટલી છે! શુદ્ધ પરિણામ કરે તો બે ઘડીમાં કેવળજ્ઞાન લ્યે; બે ઘડીના શુભપરિણામ વડે અસંખ્ય વર્ષનાં પુણ્ય બંધાય; ને અજ્ઞાનપણે તીવ્ર પાપ કરે તો બે ઘડીમાં અસંખ્ય વર્ષનાં નરકદુઃખને પામે. જેમકે—બ્રહ્મદત્ત ચક્રવર્તીનું આયુષ્ય કેટલું? કે સાતસો (૭૦૦) વર્ષ; એ સાતસો વર્ષની સંખ્યાતી સેકંડ થાય; એટલા કાળમાં એણે નરકનું ૩૩ સાગરોપમનું એટલે કે અસંખ્યાતા અબજ વર્ષનું આયુષ્ય બાંધ્યું; એટલે એકેક સેકંડના પાપના ફળમાં અસંખ્ય અબજ વરસનું નરકનું દુઃખ પામ્યો. પાપ કરતી વખતે જીવને વિચાર નથી રહેતો પણ એ નરકનાં દુઃખની વાત સાંભળે તો ત્રાસ છૂટી જાય એ દુઃખ જે ભોગવે–એની પીડાની તો શી વાત,–પણ એનું વર્ણન સાંભળતાંય ત્રાસ છૂટી જાય એવું છે. માટે આવો અવસર પામીને જીવે ચેતવા જેવું છે. જો ચેતીને આત્માની આરાધના કરે તો તેનું ફળ પણ મહાન છે, અનંતગણું છે. જેમ પાપમાં એક સેંકડના ફળમાં અસંખ્ય વર્ષનાં નરક દુઃખ કહ્યાં તેમ સાધકદશાના એકેક સમયના આરાધનાના ફળમાં અનંત કાળનું અનંતુ મોક્ષસુખ છે. કોઈ પણ જીવને સાધકદશાનો કુલ કાળ અસંખ્ય સમયનો જ હોય. સંખ્યાત સમયનો ન હોય; કે અનંત સમયનો ન હોય; ને મોક્ષનો કાળ તો સાદિ અનંત છે. એટલે એકેક સમયના સાધકભાવના ફળમાં અનંતકાળનું મોક્ષસુખ આવ્યું,–વાહ, કેવો લાભનો વેપાર છે! ભાઈ, તારા આત્માના શુદ્ધ પરિણામની તાકાત કેટલી છે–તે તો જો! આવા શુદ્ધપરિણામથી આત્મા જાગે તો

અણભોગ્ય બની ઉપભોગ્ય જે રીત થાય તે રીત બાંધતા,
જ્ઞાનાવરણ ઇત્યાદિ કર્મો સપ્ત-અષ્ટ પ્રકારનાં. ૧૭૪. –શ્રી સમયસાર

ક્ષણમાત્રમાં કર્મને તોડીફોડીને મોક્ષને સાધી લ્યે. કોઈ જીવ અંતર્મુહૂર્તનું મુનિપણું પાળે, ને તે અંતર્મુહૂર્ત દરમિયાન શુભપરિણામથી એવા પુણ્ય બાંધે કે નવમી ગ્રૈવેયકમાં ૩૧ સાગરોપમની સ્થિતિવાળો દેવ થાય. જુઓ, આ જીવનાં શુભ, અશુભ કે શુદ્ધ પરિણામની તાકાત ને તેનું ફળ! તેમાં શુભ—અશુભથી સ્વર્ગ-નરકના ભવો તો અનંતવાર જીવે કર્યા, પણ શુદ્ધતા પ્રગટ કરીને મોક્ષને સાધે તેની બલિહારી છે.

કોઈ જીવ દેવમાંથી સીધો દેવ ન થાય.
કોઈ જીવ દેવમાંથી સીધો નારકી ન થાય.
કોઈ જીવ નારકીમાંથી સીધો નારકી ન થાય.
કોઈ જીવ નારકીમાંથી સીધો દેવ ન થાય.
દેવ મરીને મનુષ્ય કે તિર્યંચમાં ઊપજે.
નારકી મરીને મનુષ્ય કે તિર્યંચમાં ઊપજે.
મનુષ્ય મરીને ચારમાંથી કોઈ પણ ગતિમાં ઊપજે.
તિર્યંચ મરીને ચારમાંથી કોઈપણ ગતિમાં ઊપજે.

આ સામાન્ય વાત કરી; હવે સમ્યગ્દૃષ્ટિની વાત—

દેવમાંથી સમ્યગ્દૃષ્ટિ જીવ મનુષ્યમાં જ અવતરે.
નરકમાંથી સમ્યગ્દૃષ્ટિ જીવ મનુષ્યમાં જ આવે.
મનુષ્ય સમ્યગ્દૃષ્ટિ જીવ દેવગતિમાં જાય, પણ
જો મિથ્યાત્વમાં આયુષ્ય બંધાઈ ગયું હોય તો
નરક કે તિર્યંચ કે મનુષ્યમાં પણ જાય.
તિર્યંચ સમ્યગ્દૃષ્ટિ જીવ દેવગતિમાં જ જાય,
અને પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવક (—તિર્યંચ
હો કે મનુષ્ય) તે તો નિયમથી સ્વર્ગમાં જ જાય,
બીજી કોઈ ગતિનું આયુષ તેને હોય નહિ.

આ રીતે ધર્મી શ્રાવક સ્વર્ગમાં જાય છે, ને ત્યાંથી મનુષ્ય થઈ, ચૌદ પ્રકારનો અંતરંગ ને દશ પ્રકારનો બાહ્ય—સર્વ પરિગ્રહ છોડી, મુનિ થઈ, શુદ્ધતાની શ્રેણી માંડી, સર્વજ્ઞ થઈ સિદ્ધાલયને પ્રાપ્ત કરે છે. ત્યાં સદાકાળ અનંત આત્મિક આનંદને ભોગવ્યા કરે છે. અહા, સિદ્ધોના આનંદનું શું કહેવું!

આ રીતે સમ્યક્ત્વસહિતનો અણુવ્રતરૂપ શ્રાવકધર્મ તે શ્રાવકને પરંપરા મોક્ષનું કારણ છે, માટે શ્રાવકે તે ધર્મ અંગીકાર કરીને તેનું પાલન કરવું—એવો ઉપદેશ છે.

✻ ✻ ✻



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

નિજસુખ નિજ ઉપયોગમાં કહ્યું છે, છતાં દુર્લભ કેમ થઈ પડ્યું છે તે કહે છે. આત્માનો આનંદ કહો, ધર્મ કહો, કે મોક્ષમાર્ગ કહો, બધી એક જ વાત છે. મુમુક્ષુ જીવ વિચારે છે કે મારા આત્મામાં જાણવા-દેખવારૂપ દશા છે. તે જ ક્ષણે રાગ-દ્વેષાદિનું પરિણમન થાય છે. પોતાને નહિ જાણતાં રાગમાં રોકાણો છે, તેને બદલે પોતાને જાણવામાં રોકાય તો સુખ ઊપજે. મારો જ્ઞાન-દર્શનસ્વભાવ ત્રિકાળ છે. જ્ઞાનનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે. સંસાર એક સમયનો છે. જ્ઞાતા-દૃષ્ટાના પરિણામને રાગ-દ્વેષ સાથે એક-મેક માનવા તે સંસાર છે ને તે પરિણામને સ્વભાવમાં વાળે તો નિજપદની પ્રાપ્તિ થાય.

રાગીદશામાં દયા—દાનાદિ પરિણામ હોય ખરા પણ તે વિષમભાવ છે, વિરુદ્ધપણે થાય છે જાણવા—દેખવાના પરિણામ ધારાવાહી થાય છે. તે પરિણામને ત્રિકાળી સ્વભાવમાં ધારી રાખવા તે જ ધર્મનો ઉપાય છે. પરિણામને અંતર્મુખ વાળું તો અનાદિનો ભ્રમ મટી જાય. ધર્મી વિચારે છે કે આવી રીતથી પૂર્ણાનંદને ભેટીશ ને અનાદિનું દુઃખ મટી જશે. વસ્તુ સ્વભાવે પ્રાપ્ત છે પણ પર તરફની રુચિ છે, તેથી પર્યાયમાં તેની પ્રાપ્તિ નથી. ગમે તે ક્ષેત્રે જીવ હોય તોપણ આત્મા તો નિજાનંદનો ભંડાર છે, તેની જાણવા-દેખવાની પર્યાયને સ્વભાવમાં ધારણ કરવી તે ધર્મ છે. આમ પ્રથમ ભરોસો હોવો જોઈએ.

અંતર આનંદસ્વરૂપની પ્રાપ્તિ કરવાનો આ સુગમ માર્ગ છે. દેહની ક્રિયા દેહથી થાય છે, વિકાર તે તે કાળની યોગ્યતા મુજબ થાય છે, તે વખતે જાણવાના પરિણામને અંતરમાં વાળવા તે ધર્મ છે. દેવ-ગુરુ-શાસ્ત્રે આ કહ્યું છે. દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં જ્ઞાન વ્યાપેલું છે, દર્શન પણ ત્રણેમાં વ્યાપેલું છે, આમ જ્ઞાનને અંતરમાં વાળવું એ જ નિજ અનુભવનો માર્ગ છે. આ માર્ગ સર્વજ્ઞોએ જોયો છે. સ્વરૂપ પ્રાપ્ત કરવાનો માર્ગ સુગમ છે, પણ તેને દૃષ્ટિગોચર કરવો જ દુર્લભ છે. દયાદાનાદિ પરિણામ ઘણીવાર કર્યા છે, તેથી તે સહેલા લાગે છે. ખરેખર વસ્તુ તો સુગમ છે. ચૈતન્યના પરિણામ સ્વને આધીન

**સત્તા વિષે તે નિરુપભોગ્ય જ, બાળ સ્ત્રી જ્યમ પુરુષને;**
**ઉપભોગ્ય બનતાં તેહ બાંધે, યુવતી જેમ પુરુષને. ૧૭૫. –શ્રી સમયસાર**

છે. માટે સુલભ છે. ખોટા અભ્યાસ વડે અંતર્મુખ ઉપયોગ કરવો દુર્લભ છે, કષાય મંદ કરીએ તો લાભ થાય, વ્યવહાર કરીએ તો લાભ થાય—એમ પરમાં ને વ્યવહારમાં રુચિ છે, તેથી અહીં દુર્લભ કહેલ છે.

રાગમાં કર્તાપણાની રુચિ છોડી ત્રિકાળી હું જ્ઞાતા છું—એમ રુચિ રાખીને દેખ તો જે કાળે જે રાગ થવાનો તે થવાનો ને તેનું લક્ષ જ્યાં જવાનું ત્યાં જવાનું. પરપદાર્થો ઉપર ને રાગ ઉપર દૃષ્ટિ છે તેને સ્વ તરફ વાળવી એ જ સુખનો ઉપાય છે.

ધર્માત્મા કહે છે કે શ્રીગુરુના પ્રસાદથી હું એ માર્ગને પામ્યો છું. તેને ગુરુના સ્વરૂપની ખબર છે, જે દયા-દાનાદિના રાગથી ધર્મ મનાવે તે ગુરુ નથી. નિશ્ચયથી તો પોતાના આત્માથી માર્ગ પામ્યો છે, પણ વ્યવહારથી ગુરુના પ્રસાદથી પામ્યો એમ કહ્યું. તેમાં નિમિત્ત કેવાં હોય તે બતાવે છે. તથા વિનય બતાવે છે. એમના પ્રસાદથી આ અનુભૂતિને પામ્યો છે.

મારો આત્મા પરથી પૃથક્ અખંડ જ્ઞાન—આનંદપણે અનુભવપ્રકાશમાં રહેલો છે. ધર્મનો વિનાશ મારા અનુભવપ્રકાશમાં રહેલો છે. તે ચિત્તમાં કે પુણ્ય-પાપમાં નથી. જાણવા-દેખવાના પરિણામ વડે પરિણામી એવા આત્માને પકડવો તે સુલભ છે, પણ ઊંધી દૃષ્ટિથી દુર્લભ લાગે છે. રાગ અને પરમાં પરિણામને રોકી દીધા છે તેથી સ્વભાવની રુચિ થતી નથી.

મારો સુખનિવાસ વચનગોચર નથી, ભાવનાગમ્ય છે. ચિદાનંદ પ્રકાશથી હું તન્મય છું. જેમ સૂર્ય પ્રકાશથી તન્મય છે ને અંધારાથી અતન્મય છે તેમ ચિદાનંદ સૂર્ય જાણવાના પરિણામથી તન્મય છે, પણ તે રાગ-દ્વેષાદિ સાથે કદી પણ તન્મય થયો નથી. તો પછી શરીરાદિ સાથે તન્મય થાય તેમ કદી બને નહિ. જડની પર્યાયનો આત્મામાં અત્યંત અભાવ છે. જડની પર્યાય એક સમય પણ આત્માની પર્યાયમાં પ્રવેશતી નથી. વિકાર આત્માની એક સમયની પર્યાયમાં છે. પણ વસ્તુ સ્વભાવમાં તે વિકારનો પણ અત્યંત અભાવ છે.

મારો જ્યોતિસ્વરૂપ સ્વભાવ પ્રગટરૂપે મારા આત્મામાં પ્રકાશી રહ્યો છે, સમ્યક્ જ્ઞાનપ્રકાશ ઘટમાં પ્રગટ છે. પ્રકાશ છુપાઈ રહ્યો નથી.

ગુરુએ શિષ્યને કહ્યું કે—મીઠાની કાંકરી પાણીમાં નાખ. શિષ્યે નાખી ને તે

**આ કારણે સમ્યક્ત્વસંયુત જીવ અણબંધક કહ્યા,**
**આસરવભાવઅભાવમાં નહિ પ્રત્યયો બંધક કહ્યા. ૧૭૬. –શ્રી સમયસાર**

ઓગળી ગઈ. બીજે દિવસે ગુરુએ શિષ્યને કહ્યું કે તે મીઠાની કાંકરી લઈ આવ. શિષ્યે કહ્યું કે પાણીમાં કાંકરી ક્યાંય નથી. ગુરુએ કહ્યું કે મીઠાનો ગાંગડો હાથવડે જોવાથી મળશે નહીં, પણ પાણીનો સ્વાદ ચાખ તો ખ્યાલ આવી જશે.

તેમ હાથની ક્રિયા વડે આત્મા મળે તેમ નથી. પુણ્ય-પાપની ક્રિયાથી મળે તેવો નથી. પણ આત્મા તો જ્ઞાનસ્વભાવ વડે મળે તેવો છે. મને સમજાતું નથી એમ અજ્ઞાની કહે છે. પણ જ્યાં સમજાતું નથી ત્યાં જ આત્મા જ્ઞાનવડે પકડાય તેવો છે.

અહીં કહે છે કે જ્યોતિસ્વરૂપ પ્રકાશ અંતરમાં પ્રકાશી રહ્યો છે. તે દેખે છે, તે છુપાઈ રહ્યો નથી, જ્ઞાન સ્વભાવે પ્રગટ છે, તેને છુપાએલો કેમ માનો છો? ''મને આત્માની ખબર પડતી નથી'' એમ કહે છે, પણ ખબર પડતી નથી એટલી જેને ખબર પડી તે જ આત્મા છે. અહીં છતી વસ્તુ છે તેને અછતી કેમ કરો છો? તું ન માન તોપણ છતી વસ્તુ અછતી થતી નથી. છતી ચીજ જ માને તો ભ્રમણાથી રખડે પણ તે અછતી થતી નથી.

અજ્ઞાનીને ભરોસો આવતો નથી, પોતાની ઊંધી કલ્પનાથી દુર્લભ માને છે. છતીને અછતી માની, તેથી અનાદિ દુઃખરૂપ ફળ પામ્યો. શરીર પુદ્‌ગલની અવસ્થા છે, તેને આત્મા કેમ માનીએ? શરીર તો લોહી, વીર્ય આદિ સાત ધાતુથી બનેલું છે. આત્મા ચેતન છે, શરીર અચેતન છે. આત્મા સજાતીય છે ને શરીર વિજાતીય છે. આત્મા અવિનાશી છે ને શરીર નાશવાન છે. આત્મા સ્વ છે અને શરીર પર છે.

પ્રશ્ન :—દેહની ક્રિયા ધર્મ માટે કરવી કે નહિ?

સમાધાન :—દેહની ક્રિયા ક્યાં દિવસે કરી શકાય છે કે કરવી એમ કહી શકાય? તેને આત્મા કરી શકતો નથી. માટે કરવી કે નહિ તે પ્રશ્ન રહેતો નથી. શરીરની ક્રિયાથી લાભ માનનાર શરીરને પોતાનું માન્યા વિના રહે જ નહિ. ઓઘે ઓઘે કદાચિત કહે કે આત્મા અને શરીર જુદા છે, પણ જે શરીરને ધર્મનું સાધન માને તે શરીરને પોતાનું માન્યા વિના રહે નહિ. (ક્રમશઃ)

**નહિ રાગદ્વેષ, ન મોહ—એ આસ્રવ નથી સુદ્રષ્ટિને,**
**તેથી જ આસ્રવભાવ વિણ નહિ પ્રત્યયો હેતુ બને; ૧૭૭. –શ્રી સમયસાર**

# સમ્યગ્દર્શનની રીત

(૨૨) આ અપૂર્વ વાત છે. જેમ વેપાર-ધંધામાં વ્યાજ વગેરે ગણવામાં ધ્યાન રાખે છે તેમ અહીં આત્માની રુચિ કરીને બરાબર ધ્યાન રાખવું જોઈએ, અંતરમાં મેળવણી કરવી જોઈએ. બરાબર માંગળિક ટાણે અપૂર્વ વાત આવી છે. આ કાંઈક અપૂર્વ વાત છે, સમજવા જેવી છે એમ રુચિ લાવીને ૬૦ મિનિટ બરાબર લક્ષ રાખીને સાંભળે તોય બીજા કરતાં જુદી જાતના મહાન પુણ્ય થઈ જાય. અને જો આત્માનું લક્ષ રાખીને અંતરમાં સમજે તો તો અનંતકાળે નહિ મળેલો એવો અપૂર્વ સમ્યગ્દર્શનનો લાભ થાય. આ વાત સાંભળવા મળવી પણ મોંઘી છે.

(૨૩) 'મારી પર્યાયને હું અંતરમાં વાળું છું, પર્યાયની ક્રિયામાં ફેરફાર થતો જાય છે, નિર્મળતા વધતી જાય છે' એવો વિકલ્પ રહે તે રાગ છે. અંતર સ્વભાવમાં વળતાં ઉત્તરોત્તર ક્ષણે તે વિકલ્પ નાશ પામતો જાય છે, જ્યાં આત્માના લક્ષે એકાગ્ર થવા માંડે છે ત્યાં ભેદના વિકલ્પની ક્રિયાનો ક્ષય થઈ જાય છે, અને જીવ નિષ્ક્રિય ચિન્માત્ર સ્વભાવને અનુભવે છે, આવી સમ્યગ્દર્શનની અંતરક્રિયા છે, તે જ ધર્મની પહેલી ક્રિયા છે. આત્મામાં નિર્મળ પર્યાય પ્રગટે છે તે પોતે ધર્મક્રિયા છે, પણ 'હું નિર્મળ પર્યાય પ્રગટ કરું, અભેદ આત્મામાં પર્યાયને વાળું'—એવો ભેદનો વિકલ્પ તે રાગ છે. તે ધર્મની ક્રિયા નથી; અનુભવ સમયે તે વિકલ્પની ક્રિયાનો અભાવ છે તેથી 'નિષ્ક્રિય ચિન્માત્રભાવને પામે છે' એમ કહ્યું છે. નિષ્ક્રિય ચિન્માત્રભાવની પ્રાપ્તિ તે જ સમ્યગ્દર્શન છે.

(૨૪) જાણનાર-દેખનાર તે હું; રાગની ક્રિયા હું નહિ—એમ પહેલાં દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ નક્કી કરતાં રાગ હતો, પણ દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ જાણીને અભેદસ્વભાવમાં ઢળવાનું જ પહેલેથી લક્ષ હતું. દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખ્યા પછી પણ જ્યાં સુધી ભેદનું લક્ષ રહે ત્યાં સુધી સમ્યગ્દર્શન ન થાય, અભેદસ્વભાવમાં ઢળતાં ભેદનું લક્ષ છૂટી જાય છે અને સમ્યગ્દર્શન થાય છે. પહેલાં દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણ્યા તે કરતાં આમાં અનંતગણો પુરુષાર્થ છે. આ અંતરના સ્વભાવની ક્રિયા છે. આમાં અપૂર્વ સ્વભાવનો પુરુષાર્થ છે. સ્વભાવના અનંત પુરુષાર્થ વગર જો તરી જવાતું હોત તો તો બધા જીવ મોક્ષમાં ચાલ્યા જાત! પુરુષાર્થ વગર આ સમજાય તેમ નથી. સ્વભાવની રુચિપૂર્વક અનંતો પુરુષાર્થ માગે છે. આ સમજવા માટે ધીરજથી સદ્‌ગુરુગમે અભ્યાસ કરવો જોઈએ.

(૨૫) પહેલાં અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે તે જીવ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે, અને પછી અંતરમાં પોતાના અભેદ સ્વભાવ તરફ વળીને આત્માને જાણતાં તેનો મોહ ક્ષય થઈ જાય છે. 'હું અંદર ઢળું છું માટે હમણાં કાર્ય પ્રગટ થશે' એવા વિકલ્પ પણ છોડીને ક્રમે ક્રમે સહજ સ્વભાવમાં ઢળતો જાય છે, ત્યાં મોહ નિરાશ્રય થઈને નાશ પામી જાય છે.

(૨૬) આ ૮૦ મી ગાથામાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે સમ્યગ્દર્શનનો અપૂર્વ ઉપાય બતાવ્યો છે. જે આત્મા અરિહંત ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે તેને પોતાના આત્માની ખબર પડે કે હું પણ અરિહંતની જાતનો છું, અરિહંતોની પંક્તિમાં બેસું તેવો મારો સ્વભાવ છે. એમ નક્કી કર્યા પછી પર્યાયમાં જે કચાશ છે તે ટાળીને અરિહંત જેવી પૂર્ણતા કરવા માટે પોતાના આત્મસ્વભાવમાં જ એકાગ્ર થવાનું રહ્યું. એટલે તે જીવ પોતાના આત્મા તરફ વળવાની ક્રિયા કરે છે ને સમ્યગ્દર્શન પ્રગટ કરે છે. તે સમ્યગ્દર્શન માટેની ક્રિયાનું આ વર્ણન છે. આ ધર્મની પહેલામાં પહેલી ક્રિયા છે; નાનામાં નાનો જૈનધર્મી એટલે કે અવિરત સમ્યગ્દૃષ્ટિ થવાની આ વાત છે. આ સમજ્યા વગર કોઈ જીવને છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની મુનિદશા, કે પાંચમા ગુણસ્થાનની શ્રાવકદશા હોય જ નહિ; તેમજ પંચમહાવ્રત, વ્રત, પડિમા, ત્યાગ—કાંઈ પણ સાચું હોય નહિ. મુનિ કે શ્રાવક થયા પહેલાંના સમ્યગ્દર્શન ધર્મની આ વાત છે. વસ્તુસ્વરૂપ શું છે તે સમજ્યા વગર ઉતાવળા થઈને બાહ્ય ત્યાગ કરવા માંડે તેથી કાંઈ ધર્મ થાય નહિ. ભરત ચક્રવર્તીને છ ખંડનું રાજ્ય હતું, તેમને અબજો વર્ષો સુધી રાજપાટમાં રહેવા છતાં આવી દશા હતી. જેણે આત્મસ્વભાવનું ભાન કર્યું તેને તે ભાન સદાય રહ્યા કરે છે. ખાતાં-પીતાં ક્યારેય આત્માનું ભાન ભુલાય નહિ ને સદાય આવું ભાન રહ્યા કરે—તે જ સદાય કરવાનું છે. આવું ભાન થયા પછી તે ગોખવું ન પડે. જેમ હજારો માણસોના ઢેઢિયા મેળામાં વાણિયો જઈ ચડે ને હજારો ઢેઢની વચમાં ઊભો હોય તોપણ 'હું વાણિયો છું' એ વાત તે ભૂલે નહિ, તેમ ધર્મી જીવ, ઢેઢિયા મેળાની જેમ, અનેક પ્રકારના રાજપાટ, વેપાર, ધંધા વગેરે સંયોગમાં ઊભેલા દેખાય ને પુણ્ય-પાપ થતાં હોય છતાં ક્યારેય ઊંઘમાં પણ ચૈતન્યનું ભાન ભૂલતા નથી; પાથરણું પાથરીને બેસે ત્યારે જ ધર્મ થાય—એમ નથી, પણ આ સમ્યગ્દર્શનરૂપ ધર્મ ચોવીશે કલાક રહ્યા કરે છે.

(૨૭) આ વાત અંતરમાં પકડવા જેવી છે. રુચિપૂર્વક ધીમાશથી પરિચય કરે તો આ વાત પકડાય તેમ છે, પોતાની માનેલી બધી પક્કડ મૂકીને સત્સમાગમે પરિચય કર્યા વગર ઉતાવળથી આ વાત પકડાય એમ નથી. પહેલાં સત્સમાગમે શ્રવણ, ગ્રહણ ને

ધારણા કરીને, શાંતિથી અંતરમાં વિચારવું જોઈએ. આ તો એકલા અંતરના વિચારનું કાર્ય છે, પણ સત્સમાગમે શ્રવણ, ગ્રહણ ને ધારણા જ ન કરે તો પછી વિચારીને અંતરમાં કેવી રીતે ઉતારે ? અંતરમાં અપૂર્વ હોંશથી આત્માની દરકારપૂર્વક અભ્યાસ કરવો જોઈએ, પૈસામાં સુખ નથી છતાં પૈસા મળવાની વાત કેવી હોંશથી સાંભળે છે ! આ તો આત્માની મુક્તિ મળે તેવી વાત છે, તે સમજવા માટે અંતરમાં હોંશ અને ઉત્સાહ જોઈએ. જીવનમાં આ જ કરવા જેવું છે.

(૨૮) પહેલાં સ્વભાવ તરફ ઢળવાની વાત કરી ત્યારે આત્માને ઝૂલતા હારની ઉપમા આપી હતી, અને પછી અંતરમાં એકાગ્ર થઈને અનુભવ કર્યો ત્યારે 'અકંપ પ્રકાશવાળા મણિ'ની ઉપમા આપી છે. 'એ રીતે મણિની જેમ જેનો નિર્મળ પ્રકાશ અકંપપણે પ્રવર્તે છે એવા તે (ચિન્માત્રભાવને પામેલા) જીવને મોહાંધકાર નિરાશ્રય-પણાને લીધે અવશ્યમેવ પ્રલય પામે છે.' જેમ મણિનો પ્રકાશ પવનથી હલતો નથી તેમ અહીં આત્માને એવી અડગ શ્રદ્ધા થઈ કે આત્માની શ્રદ્ધામાં કદી ડગે નહિ. જીવ જ્યાં આત્માની નિશ્ચલ પ્રતીતિમાં ટક્યો ત્યાં મિથ્યાત્વ ક્યાં રહે ? જીવ પોતાના સ્વભાવમાં સ્થિર થયો ત્યાં તેને મિથ્યાત્વકર્મના ઉદયમાં જોડાણ ન રહ્યું તેથી તે મિથ્યાત્વકર્મનો જરૂર ક્ષય થઈ જાય છે. આમાં ક્ષાયિકસમ્યગ્દર્શન જેવી વાત છે. પંચમ આરાના મુનિ પંચમ આરાના જીવોને માટે વાત કરે છે છતાં મોહના ક્ષયની જ વાત કરી છે. ક્ષયોપશમ સમ્યક્ત્વ પણ અપ્રતિહતપણે ક્ષાયિક જ થાય—એવી વાત લીધી છે. અને પછી ક્રમે-ક્રમે અકંપપણે આગળ વધીને તે જીવ ચારિત્રદશા પ્રગટ કરીને કેવળજ્ઞાન પામીને સિદ્ધ થાય છે.

**ભેદવિજ્ઞાનીનો ઉલ્લાસ**

જે ચૈતન્યનું લક્ષણ નથી એવી સમસ્ત બંધભાવની લાગણીઓ મારાથી ભિન્ન છે—એમ બંધભાવથી ભિન્ન સ્વભાવનો નિર્ણય કરતાં ચૈતન્યને તે બંધભાવની લાગણીઓનો આધાર રહેતો નથી, એકલા આત્માનો જ આધાર રહે છે. આવા સ્વાશ્રયપણાની કબૂલાતમાં ચૈતન્યનું અનંત વીર્ય આવ્યું છે. પોતાની પ્રજ્ઞાશક્તિ દ્વારા જેણે બંધરહિત સ્વભાવનો નિર્ણય કર્યો તેને સ્વભાવની હોંશ અને પ્રમોદ આવે કે અહો ! આ ચૈતન્યસ્વભાવ પોતે ભવરહિત છે, મેં તેનો આશ્રય કર્યો તેથી હવે મારે ભવના અંત નજીક આવ્યા અને મુક્તિદશાના નગરાં વાગ્યાં. પોતાના નિર્ણયથી ચૈતન્યસ્વભાવમાં જે નિઃશંકતા કરે તેને ચૈતન્ય પ્રદેશોમાં ઉલ્લાસ થાય અને તેને અલ્પકાળમાં મુક્તદશા થાય જ.

*(શ્રી સમયસાર મોક્ષ અધિકારના વ્યાખ્યાનમાંથી)*

# આત્મહિત માટેની પ્રેરણા

## સુખી થવું હોય તો 'આપો લખ લીજે'

અહા, જગતની વચ્ચે નિરાલંબી લોક, તેના અસંખ્ય પ્રદેશમાં અનંતાનંત આત્માઓ, તેમાં પ્રત્યેક આત્મા જુદો સ્વતંત્ર—સ્વાધીન, પોતાના અનંત ગુણ-પર્યાયો સહિત, —આવું અલૌકિક વસ્તુસ્વરૂપ ભગવાન સર્વજ્ઞના માર્ગ સિવાય બીજે ક્યાંય ન હોય, આત્મા કદી શરીરાદિરૂપ કે કર્મરૂપ થતો નથી. જડ સદા જડમાં, ચેતન સદા ચેતનમાં, બંનેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ ચતુષ્ટય ત્રણેકાળે જુદા છે. આ સ્વ-પરવસ્તુની ભિન્નતાના નિર્ણય વગર જ્ઞાનની વિપરીતતા મટે નહીં, એટલે સમ્યગ્જ્ઞાન થાય નહીં ને જન્મ-મરણ મટે નહીં. આત્મામેં સંશય હોગા તો સમ્યગ્જ્ઞાન નહીં હોગા, અને આત્મા કે સ્વરૂપકા યથાર્થ નિર્ણય હોગા તો સમ્યગ્જ્ઞાન હોગા—હોગા. સમ્યગ્જ્ઞાન નહીં કરેગા તો મોક્ષ કભી નહીં હોગા, અને સમ્યગ્જ્ઞાન કરેગા તો મોક્ષ હોગા હી—માટે 'आपो लख लीजे' આત્માને ઓળખી લેજો.

ભગવાને કહેલાં નવ તત્ત્વોને ઓળખીને તેના અભ્યાસ વડે આત્માના સાચા સ્વરૂપને ઓળખી લેવું. જુઓ, ભગવાને કહેલાં તત્ત્વના અભ્યાસનું ફળ શું ? કે 'आपो लख लीजीये' અંતર્મુખ થઈને આત્માનું સ્વરૂપ અનુભવમાં લેવું. તત્ત્વના અભ્યાસનું ફળ તો આત્માનો અનુભવ કરવો તે છે. ચૈતન્યમૂર્તિ હું, શરીરાદિ અજીવથી જુદો ને રાગાદિ આસ્રવોથી જુદો છું, મારું ચૈતન્યતત્ત્વ બીજા બધા તત્ત્વોથી જુદું છે, હું જ આનંદમૂર્તિ છું.—આ રીતે જ્ઞાનાદિ અનંતગુણના ચૈતન્યપિંડમાં વળીને 'આ હું છું'—એમ અનુભવમાં લેતાં સમ્યગ્જ્ઞાન થાય છે. અહા, આવા આત્માના જ્ઞાનમાં અલૌકિક સુખ છે. માટે કહે છે કે 'આપો લખ લીજે.' આત્માના જ્ઞાન વગર જૈનતત્ત્વનું સાચું જ્ઞાન થાય નહીં. ભગવાને આત્માનું શુદ્ધસ્વરૂપ પરથી ભિન્ન ને રાગથી પાર ઉપયોગમય બતાવ્યું છે, તેની સન્મુખતા એ જ ધર્મનો મૂળ પાયો છે. ભાઈ ! તારી મહાન ચીજ તારામાં પડી છે, તેમાં નજર કર, આત્માની સન્મુખતા વગર બાહ્યદૃષ્ટિથી જીવ ગમે તેટલું કરે તેનાથી સ્વર્ગ-નરકાદિ મળે, પણ આત્માનું સુખ ન મળે.

જીવાદિ નવે તત્ત્વોને બરાબર ઓળખવા, તેને માટે સત્સંગ, જિનવાણીનો અભ્યાસ કરવો. જિનવાણી શું કહે છે? —તે એમ કહે છે કે હે જીવ! તારા આત્માની સન્મુખ થા! ભૂતાર્થરૂપ તારો જે શુદ્ધસ્વભાવ તેનો તું આશ્રય કર.—એ જ સાચું તત્ત્વાર્થ શ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન છે. અજીવને પોતાથી ભિન્ન જાણે તો અજીવની શ્રદ્ધા કરી કહેવાય, પુણ્ય-પાપ-આસ્રવ-બંધને દુઃખરૂપજાણીને તેનો આશ્રય છોડે તો પુણ્ય-પાપ-આસ્રવ-બંધ તત્ત્વની શ્રદ્ધા કરી કહેવાય, શુદ્ધ જીવ તરફ વળીને સંવર-નિર્જરા પ્રગટ કરે ત્યારે સંવર-નિર્જરા-મોક્ષની શ્રદ્ધા કરી કહેવાય. આ રીતે શુદ્ધાત્માની સન્મુખતા વડે જ નવ તત્ત્વની સાચી શ્રદ્ધા થાય છે. તત્ત્વાર્થશ્રદ્ધાનનું કાર્ય તો આ છે કે ભેદજ્ઞાન વડે શુદ્ધ આત્માનો આશ્રય કરીને પરનો—વિકારનો આશ્રય છોડવો. આનંદરસનો સમુદ્ર આત્મા આવડો મહાન છે—એમ જાણે ને તેમાં ઉપયોગ ન વળે એમ કેમ બને? અહા, વીતરાગે કહેલો આત્મા, પોતાની જ વસ્તુ, તેને ન જાણે તો આ અનંતભવસમુદ્રમાં આ મનુષ્યભવ તો ક્યાં ડૂબી જશે? અનંતકાળથી આત્મા એક ભવમાંથી બીજા ભવમાં જાય છે. આત્માને ઓળખીને મોક્ષ પામે ત્યારે જ ભવભ્રમણ અટકે, પછી મોક્ષમાં સિદ્ધ ભગવાનપણે અનંત-અનંત કાળ રહે. બાપુ! આવું આર્ય મનુષ્યપણું, શ્રાવકનું ઉત્તમ કુળ અને વીતરાગી જિનવાણીનું શ્રવણ તને મહાભાગ્યે મળ્યું છે, આવો સુયોગ તે તો ચિંતામણિ મળવા જેવું છે, તો તેને તું વ્યર્થ ગુમાવીશ નહીં.

બાપુ, અત્યારે અનંતકાળના દુઃખથી છૂટીને સુખની પ્રાપ્તિનો અવસર, તેમાં તું સુખના કારણરૂપ સમ્યગ્જ્ઞાન કરી લે. અહીં 'સુયોગ' તરીકે આત્મહિતમાં નિમિત્તરૂપ ત્રણ વાત લીધી, લાખો કરોડો રૂપિયા મળે, બંગલા મોટર મળે કે સુંદર શરીરાદિ મળે તેને અહીં સુયોગ ન કહ્યો, પણ આર્ય—મનુષ્યપણું, શ્રાવકનું ઉત્તમ કુળ અને વીતરાગવાણીનું શ્રવણ મળ્યું તેને સુયોગ કહ્યો. આત્માની ઓળખાણમાં નિમિત્તરૂપ થાય એવા યોગને સુયોગ કહ્યો. તે માટે કાંઈ પૈસા કે શરીરની સુંદરતા વગેરેની જરૂર નથી. ભલે ગરીબ હોય, કદરૂપ હોય, પણ વીતરાગવાણીવડે જૈનધર્મના સંસ્કારથી આત્મહિત કરી શકે છે. જુઓને, અમેરિકા વગેરે દેશોમાં, ને અહીં ભારતમાં પણ ઘણા જીવો પાસે અત્યારે લાખો કરોડો રૂપિયા દેખાય છે. પણ સાચા જૈનધર્મનું શ્રવણ કે જેનાથી આત્માનું હિત થાય—તે મળવું બહુ દુર્લભ છે, તેવો અવસર તને મળ્યો, તો લાખો-કરોડો રૂપિયાના યોગ કરતાં પણ વધુ સુયોગ

છે,—એમ સમજ. આવો સુયોગ પામીને હવે તું સંસારની ઝંઝટમાં લોકોને રાજી કરવા રોકાઈશ મા, પણ શીઘ્ર આત્માને ઓળખીને તારું હિત કરી લેજે. અમેરિકા વગેરેમાં બહારનો વૈભવ ગમે તેટલો હોય (અરે, સ્વર્ગના વૈભવની તો શું વાત !)—પણ આત્માના જ્ઞાન વગર એમાં ક્યાંય સુખનો છાંટોય મળે તેમ નથી, અધ્યાત્મવિદ્યા કે જે ભારતનો ખરો વૈભવ છે, તે જ સુખનું કારણ છે. માટે તેનો અભ્યાસ કરીને આત્માને ઓળખો.

અહા, જે વાણી ગણધરદેવ આદરથી સાંભળે છે, જે વાણી સાંભળવા સ્વર્ગના ઈન્દ્રો આ મનુષ્યલોકમાં ઊતરે છે. ચક્રવર્તી પણ ભક્તિથી જે વાણી સાંભળે છે, તે આત્માનું અદ્ભુત સ્વરૂપ બતાવનારી જિનવાણી તને અત્યારે અહીં સાંભળવા મળે છે, આત્માનું અચિંત્યસ્વરૂપ બતાવનારી આવી વાણી સાંભળવા મળી તો તેને ચિંતવીને, વસ્તુસ્વરૂપ સમજીને ચૈતન્યરત્નનું સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કરી લે. આવો મહાન સુયોગ મળ્યો છે તે આત્મજ્ઞાન વડે સફળ કર. જો તત્ત્વદૃષ્ટિ ન કરી, ને જીવન અજ્ઞાનમાં તથા વિષયોમાં ગુમાવી દીધું તો, હાથમાં આવેલ મનુષ્યભવરૂપી ઉત્તમ રત્ન ખોઈ તું પસ્તાઈશ. બાપુ ! ધન કુટુંબ શરીર આબરૂ બધાની દરકાર છોડીને જીવનમાં આત્માની દરકાર કર, આત્માનું સમ્યક્દર્શન ને સમ્યગ્જ્ઞાન કેમ થાય તેના પ્રયત્નમાં લાગ.

જેમ એક લીલુછમ ઝાડ હોય, ને બળીને રાખ થાય, તે રાખને કોઈ દરિયામાં ફેંકી દે, અથવા હવામાં ચારેકોર વેરવિખેર થઈ જાય, ફરીને પાછા તે બધા રજકણો ભેગા થાય ને ફરીને તેવું જ ઝાડ બને—એ અનંતકાળે મુશ્કેલ છે, તેમ સંસારમાં કલ્પવૃક્ષ જેવું મનુષ્યપણું પામીને જો આત્માની દરકાર ન કરી ને અજ્ઞાનથી વિષયોમાં જ તે ગુમાવી દીધું તો ભવસમુદ્રમાં આત્મા એવો ડૂબી જશે કે ફરી અનંતકાળે આવું મનુષ્યપણું મળવું મુશ્કેલ છે. ત્રસપણાનો કાળ જ થોડો (બે હજાર સાગરોપમ માત્ર) છે—એમાં તો કીડી-મકોડા વગેરે અસંજ્ઞી અવતાર પણ આવી જાય, તેમાં મનુષ્ય અવતાર તો બહુ થોડા હોય. ત્રસના તે મર્યાદિત કાળમાં મનુષ્ય થઈને કાં તો આત્માને સાધીને મોક્ષ પામી જાય અને નહીતર ત્રસપર્યાયનો કાળ પૂરો થતાં નિગોદાદિ એકેન્દ્રિય સ્થાવરપર્યાયમાં ચાલ્યો જાય. ત્યાંથી અનંતકાળે બહાર નીકળવું મુશ્કેલ છે. માટે હે જીવ ! તું શીઘ્ર ચેત....ચેત !

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—જેમ ક્રિયાનયથી સિદ્ધિ સાધ્ય છે તેવો એક ધર્મ છે અને જ્ઞાનનયથી સિદ્ધિ સાધ્ય છે તેવો પણ એક ધર્મ છે; તેવી રીતે ત્રિકાળી દ્રવ્યના આશ્રયે પણ સમ્યગ્દર્શન થાય અને નિર્મળ પર્યાય સહિત દ્રવ્યના આશ્રયે પણ સમ્યગ્દર્શન થાય, એમ છે ?

ઉત્તર :—ના; એક જ સમયે જાણવાલાયક ક્રિયાનય ને જ્ઞાનનય ઇત્યાદિ અનંત ધર્મો છે. પરંતુ સમ્યગ્દર્શનનો વિષય એક નયે ત્રિકાળી દ્રવ્ય પણ છે ને બીજા નયથી જોતાં પર્યાય સહિતનું દ્રવ્ય પણ સમ્યગ્દર્શનનો વિષય બને એવો કોઈ ધર્મ જ નથી. સમ્યગ્દર્શનનો વિષય તો માત્ર ભૂતાર્થ એવું ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય (પર્યાય રહિતનું) જ છે. તેના આશ્રયે જ સમ્યગ્દર્શન થાય છે, અન્યથા સમ્યગ્દર્શન થતું નથી.

પ્રશ્ન :—સમ્યગ્દર્શન તો રાગ છોડે ત્યારે થાય ને ?

ઉત્તર :—પ્રથમ રાગ ન છૂટે, પણ રાગની રુચિ છોડી સ્વભાવની રુચિ કરે છે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શનમાં રાગની ભિન્નતા થાય છે. રાગ છૂટતો નથી પણ રાગને દુઃખરૂપ જાણીને તેની રુચિ છૂટે છે.

પ્રશ્ન :—ગુણભેદના વિચારથી પણ મિથ્યાત્વ ન ટળે, તો મિથ્યાત્વને ટાળવું કેમ ?

ઉત્તર :—શુદ્ધ આત્મવસ્તુ કે જેમાં રાગ કે મિથ્યાત્વ છે જ નહિ—તે શુદ્ધવસ્તુમાં પરિણામ તન્મય થતાં મિથ્યાત્વ ટળે છે; બીજા કોઈ ઉપાયથી મિથ્યાત્વ ટળે નહિ. ભાઈ, ગુણભેદનો વિકલ્પ પણ શુદ્ધવસ્તુમાં ક્યાં છે ?—નથી; તો તે શુદ્ધવસ્તુની પ્રતીત ગુણભેદના વિકલ્પની અપેક્ષા રાખતી નથી. વસ્તુમાં વિકલ્પ નથી, ને વિકલ્પમાં વસ્તુ નથી; એમ બંનેની ભિન્નતા જાણતાં પરિણતિ વિકલ્પમાંથી ખસીને (છૂટી પડીને) સ્વભાવમાં આવે ત્યાં મિથ્યાત્વ ટળી જાય છે.—આ મિથ્યાત્વ ટાળવાની રીત છે; એટલે

**હેતુ ચતુર્વિધ અષ્ટવિધ કર્મો તણાં કારણ કહ્યા,**
**તેનાંય રાગાદિક કહ્યા, રાગાદિ નહિ ત્યાં બંધ ના. ૧૭૮. —શ્રી સમયસાર**

કે 'ઉપયોગ' અને રાગાદિનું ભેદજ્ઞાન તે સમ્યક્ત્વનો માર્ગ છે. તે માટે, વિકલ્પ કરતાં ચિદાનંદ સ્વભાવનો અનંતો મહિમા ભાસીને તેનો અનંતો રસ આવવો જોઈએ.

પ્રશ્ન :—જેને સમ્યગ્દર્શન થવાનું જ છે એવા જીવની પૂર્વ ભૂમિકા કેવી હોય?

ઉત્તર :—એ જીવને જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવો સવિકલ્પ નિર્ણય હોય છે પણ સવિકલ્પથી નિર્વિકલ્પતા થાય જ એમ નથી. જેને થાય તેને પૂર્વના સવિકલ્પ નિર્ણયમાં ઉપચાર આવે છે.

પ્રશ્ન :—દૃષ્ટિને સ્થિર કરવા માટે સામી વસ્તુ સ્થિર જોઈએ, પણ દૃષ્ટિ તો પલટતી રહે છે તે કેવી રીતે સ્થિર થાય?

ઉત્તર :—સામી વસ્તુ સ્થિર (ધ્રુવ) હોય તો તેના ઉપર નજર નાખતા નજર સ્થિર થાય છે. ભલે નજર (દૃષ્ટિની પર્યાય) સ્થિર ન રહી શકે, તોપણ ધ્રુવ ઉપર નજર એકાગ્રતા કરે છે તેથી વસ્તુ આખી નજરમાં આવી જાય છે આખું આત્મદ્રવ્ય નજરમાં જણાય જાય છે.

મૂળ વાત તો એ છે કે અંદરમાં જે આશ્ચર્યકારી આત્મવસ્તુ છે એ વસ્તુસ્વભાવનો એને અંદરથી મહિમા નથી આવતો, દ્રવ્યલિંગી સાધુ થયો છતાં અંદરથી મહિમા આવતો નથી, પર્યાય પાછળ આખો ધ્રુવ મહાપ્રભુ પડ્યો છે એનો મહિમા આવે, આશ્ચર્ય ભાસે તો કાર્ય થાય જ. અનંત અનંત આનંદનું ધામ છે તે એને વિશ્વાસમાં આવવું જોઈએ, વિશ્વાસે વહાણ ચાલે છે દરિયો તરી જાય છે તેમ અંદરમાં આત્માની પ્રભુતાનો વિશ્વાસ આવે તો કાર્ય થાય જ.

જેણે જીવતી જ્યોત એવો ચૈતન્યનો અનાદર કરીને રાગને પોતાનો માન્યો છે, રાગ તે હું છું તેમ માન્યું છે, તેણે પોતાના આત્માનો જ ઘાત કર્યો. જેનાથી લાભ માને તેને પોતાનો માન્યા વિના તેનાથી લાભ માની શકે નહિ. તેથી રાગથી લાભ માનનાર પોતાનો જ ઘાત કરતો હોવાથી દુરાત્મા છે, આત્માનો અનાદર કરનાર છે, આત્માનો તિરસ્કાર છે. અવિવેકી મિથ્યાદૃષ્ટિ છે.

પ્રશ્ન :—આના ઉપરથી એમ થાય છે કે સમ્યગ્દર્શન થવાને પાત્ર કોણ?

ઉત્તર :—ઈ પાત્ર જ છે પણ પાત્ર નથી એમ મનાઈ જાય છે ને! ઈ શલ્ય નડે છે.

પુરુષે ગ્રહેલ અહાર જે, ઉદરાગ્નિને સંયોગ તે
બહુવિધ માંસ, વસા અને રુધિરાદિ ભાવે પરિણમે; ૧૭૯. –શ્રી સમયસાર



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

બાળક :—શું આત્મા મરી ગયો નથી ?

બહેનશ્રી :—આત્મા શાશ્વત છે, તેનું મરણ થતું નથી. જ્યાં ગયો ત્યાં આત્મા શાશ્વત છે, માત્ર શરીરનો ફેરફાર થાય છે. આત્મા અહીંથી સંબંધ છોડીને બીજે સંબંધમાં જાય છે. બહારના સંયોગ જોવા નહિ, આ ભવમાં ગુરુદેવની વાણી વર્ષો સુધી મળી તેના જેવું બીજું કોઈ ભાગ્ય નથી. તેની પાસે ઇન્દ્રપદવી કે ત્રણ લોકનું રાજ્ય બધું તુચ્છ છે. માટે સારાં સ્મરણો યાદ કરવાં, જ્ઞાયક ચૈતન્યદેવને યાદ કરવો, ભગવાન ને ગુરુને યાદ કરવા.

આત્મા શાશ્વત છે ને શરીરના ફેરફારો થાય છે. એક ભવથી બીજો ભવ એમ અનંત જન્મ-મરણ.....જન્મ-મરણ કર્યાં છે. તેમાં આ ભવમાં ગુરુદેવ મળ્યા તો ભવનો અભાવ થાય, આ જન્મ-મરણ ટળી જાય ને શરીર જ ન મળે, શરીર જ ન જોઈએ એવી ભાવના પ્રગટ કરવી.

આર્ત્તધ્યાનના ભાવ ઓછા કરીને, પોતે વિચાર કરીને શાંતિ રાખવી. ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો કે આ શરીર જુદું અને આત્મા જુદો, કોઈ વિકલ્પ મારો નથી. પોતાનું ધાર્યું બહારમાં થતું નથી.

દુઃખના સમયે દેવ-શાસ્ત્ર-ગુરુ યાદ આવે તે સારું છે. તેઓ યાદ આવતાં દુઃખ ઓછું થઈ જાય. એટલે શાસ્ત્રમાં આવે છે કે દુઃખના પ્રસંગે તારા આત્માના જે જે સારા પ્રસંગો બન્યા હોય તે યાદ કરજે. કોઈ વૈરાગ્યના કે ગુરુદેવના પ્રસંગો બન્યા હોય તે બધા યાદ કરજે. બધાએ શાંતિ રાખી છે એવી શાંતિ જ રાખવા જેવી છે. ગુરુદેવનું બધાએ સાંભળ્યું છે.

ગુરુદેવ વ્યાખ્યાનમાં ઘણીવાર કહેતા હતા કે : ‘‘બંધ સમય જીવ ચેતિયે, ઉદય સમય શા ઉચાટ’’

તને બંધ થાય ત્યારે ચેતી લેજે, ઉદય આવે ઉચાટ કરવા નકામા છે. તેં પૂર્વે એવા બંધ બાંધ્યા હતા તેનો આ ઉદય છે. માટે બંધ થાય તે વખતે તું ચેતી લેજે. પરિણામમાં તને આર્ત્તધ્યાન બહુ થાય ત્યારે તું ચેતી લેજે, ઉદય સમયે શા ઉચાટ ? ઉદય આવી ગયા

પછી ઉચાટ કરવા, ખેદ કરવો, આકુળતા કરવી તે બધું નકામું છે. આ વિભાવભાવો એવા દુઃખદાયક છે, જેથી આવો બંધ પડે છે. માટે બંધ સમયે ચેતી લેજે. પછી ઉદય આવે ત્યારે ઉચાટ કરવા નકામા છે. પૂર્વે બાંધ્યા હતા તે ઉદયમાં આવતાં તેને ફેરવી નહિ શકાય, માટે પરિણામ કરતી વખતે તું ચેતી લેજે. આવાં આકરાં ફળ ન આવે તેને માટે અંદરમાં એવા આકરા આર્ત્તધ્યાન તું કરીશ નહિ એમ ગુરુદેવ ઘણીવાર વ્યાખ્યાનમાં કહેતા હતા.

ભવિષ્યનું ચિત્રામણ કેમ કરવું તે તારા હાથની વાત છે. પરિણામ કરવા તારા હાથની વાત છે, પણ ઉદય આવે તેને ફેરવી શકાતો નથી.

"આતમરામ અવિનાશી આવ્યો એકલો, જ્ઞાન અને દર્શન છે તેનું રૂપ જો;
બહિર્ભાવો સ્પર્શ કરે નહિ આત્મને, ખરેખરો તે જ્ઞાયકવીર ગણાય જો...."

આતમરામ તો એકલો જ આવ્યો છે અને એકલો જ જવાનો છે. જ્ઞાન-દર્શન તારું રૂપ છે. ખરે ટાઈમે આવા ભાવે ઊભો રહે તે જ્ઞાયકવીર ગણાય છે. બહારના ભાવો ખરે ટાણે આત્માને સ્પર્શ કરે નહિ—તેની તને અસર થાય નહિ, તો તું ખરેખરો જ્ઞાયકવીર છે.

બહારમાં પંચપરમેષ્ઠી અને ધર્મ મંગલ, ઉત્તમ ને શરણ છે અને અંદર આત્મા મંગલ, ઉત્તમ ને શરણ છે.

ગજસુકુમાર, સુકૌશલ મુનિરાજ વગેરેને ઉપસર્ગ આવે છે તો આત્મામાં ઊતરી જાય છે, અને કેવળજ્ઞાન પામે છે.

આ મનુષ્યભવમાં ગુરુદેવ મળ્યા અને ભવનો અભાવ કેમ થાય તે માર્ગ બતાવ્યો. આત્મા બધા વિભાવોથી જુદો શુદ્ધાત્મા છે એવું ભેદજ્ઞાન કરી, દ્રવ્યદૃષ્ટિ કરવાનો માર્ગ ગુરુદેવે બતાવ્યો. તે માર્ગની રુચિ થાય, વાંચન-વિચાર કરી તેની લગની લાગે એ જીવનમાં કરવા જેવું છે.

સંસારમાં આવા પુણ્ય-પાપના ઉદયો તો ચાલ્યા કરે છે. અને જેણે આયુષ્ય ધારણ કર્યું તેનું આયુષ્ય પૂરું થાય જ છે.

વિચાર આવે, યાદ આવે તો વિચાર ફેરવ્યા કરવા. આકુળતા કરવાથી શું થાય! શાંતિ તે જ સુખદાયક છે. જ્યાં નિરૂપાયતા છે, કોઈ ઉપાય નથી ત્યાં શાંતિ સુખદાયક છે. માટે શાંતિ રાખવી તે એક જ ઉપાય છે.

આ મનુષ્યભવમાં આત્માનું થાય તે લાભદાયક છે. આ મનુષ્યભવ તો માંડ માંડ મળે છે. રાગને લઈને દુઃખ થાય, પણ પરિણામ ફેરવ્યા વગર છૂટકો નથી. ભૂલ્યા વગર

કોઈ રીતે છૂટકો નથી. સંસારનું સ્વરૂપ આવું છે. આત્મા જાણનારો છે. શરીર જુદું છે ને વિકલ્પ થાય તે પોતાનો સ્વભાવ નથી. આત્મા અપૂર્વ–અનુપમ છે. જીવનમાં કાંઈક આત્માનું સાર્થક થાય તો તે શ્રેયરૂપ છે. બાકી તો જન્મ-મરણ.....જન્મ-મરણ....ચાલ્યા કરે છે. જીવે આવાં અનંત જન્મ-મરણ કર્યાં છે. દેવનાં, મનુષ્યનાં, નરકનાં ને તિર્યંચનાં અનંતા જન્મ-મરણ કર્યાં છે. મોટો રાજા થાય તો પણ આયુષ્ય પૂરાં થાય છે. માટે શાંતિ સુખદાયક છે.

હવે ભવ જ ન મળે અર્થાત્ ભવનો અભાવ કેમ થાય તે કરવાનું છે. આત્મામાં બધું ભર્યું છે, બહાર ક્યાંય લેવા જવું પડે તેવું નથી. બહારમાં ક્યાંય સુખ-શાંતિ નથી. શાંતિ-સુખ આત્મામાં ભર્યાં છે. બહારમાં જીવ સંતોષ અને શાંતિ માને છે તે જીવની ભ્રમણા છે. અંતર આત્મામાંથી આત્માનાં સુખ-શાંતિ કેમ પ્રગટ થાય, આત્માનું કલ્યાણ કેમ થાય તેને માટે પ્રયત્ન કરવો.

કેટલાંય પુણ્ય કર્યાં હોય ત્યારે આ મનુષ્યભવ મળે છે. તેમાં સાચા ગુરુ મળવા મહા મુશ્કેલ છે. મનુષ્યજન્મ મળે, આવો ધર્મ મળે, આવા ગુરુ મળે ને તેમની વાણી મળે તે બધું મહા મુશ્કેલ છે. તે બધું મળ્યું તો હવે આત્માની રુચિ પ્રગટ કરવી. કેમ આત્માનું ભાન થાય, મનુષ્ય જીવન કેમ સફળ થાય તે કરવા જેવું છે.


શાસ્ત્રમાં આવે છે ને ? કે અનંત માતાને રડાવી છે. તેની આંખનાં આંસુના સમુદ્રો ભરાય એટલી માતાને રડાવી છે. તેં એટલી માતાનાં દૂધ પીધાં છે કે સમુદ્રો ભરાય. એટલે કે તેં અનંત જન્મ-મરણ કર્યાં છે.

આયુષ્ય પૂરું થતાં આત્મા કોઈની વાટ જોવે નહિ કે આ માણસ આવ્યો નથી, આ બધાં દૂર બેઠાં છે એટલે હું ન જાઉં. ઘરમાં આઘા-પાછા હોય તેની પણ આત્મા વાટ જોતો નથી. આયુષ્ય પૂરું થતાં પોતે એકદમ ચાલ્યો જાય છે. બાજુમાં બધાં સૂતાં હોય, પણ સાદ પાડવાની શક્તિ પણ રહે નહિ તો ક્યાંથી બોલાવે ? ત્યારે અવાજ નીકળવો મુશ્કેલ પડે છે. આવા વખતે પોતાની તૈયારી જ કામ આવે છે, બીજું કાંઈ કામ આવતું નથી. સંસ્કાર નાખ્યા હોય તે જ કામ આવે છે.

અહીંનું આયુષ્ય પૂરું થતાં આત્માના સંસ્કાર લઈને જાય તે સારું છે. નહિ તો રાગ હોય તો દુઃખી થાય છે. આ જીવ એક પછી એક શરીર ધારણ કરે છે. તેમાં દેવોના સાગરોપમનાં આયુષ્ય પણ પૂરાં થાય છે, તો આ મનુષ્યદેહનાં આયુષ્ય શું હિસાબમાં છે ? (ક્રમશઃ)

## બાળ વિભાગ

## બીજા સિંહની વાર્તા




(જે ભગવાન ઋષભદેવના પુત્ર થઈને મોક્ષે ગયા)

(બાલ વિભાગ અંતર્ગત એક સિંહની આત્મકથા આપવામાં આવી હતી, જે ભગવાન મહાવીરનો જીવ હતો. અહીં બીજા સિંહની વાત છે, આ જીવ ભરત ચક્રવર્તીનો જીવ છે. તેઓ જ્યારે સિંહપર્યાયમાં હતા ત્યારે તેના ઉપર મુનિરાજને પણ વાત્સલ્યભાવ આવ્યો હતો.

વાહ ! સમ્યગ્દષ્ટિ ધર્માત્માઓ પ્રતિ મુનિરાજને પણ વાત્સલ્યભાવ આવે છે. ભરત ચક્રવર્તીનો જીવ પૂર્વભવમાં સિંહ હતો, એક સમયે મુનિરાજનું આહારદાન જોઈને તે ખૂબ પ્રસન્ન થયો અને તે જ સમયે તેને જાતિસ્મરણજ્ઞાન થયું. ત્યારબાદ તેણે વૈરાગ્ય થયો અને સંન્યાસ ધારણ કર્યો. તે જ સમયે મુનિરાજે એક રાજાને તેની સેવા કરવા માટે કહ્યું હતું. આ વાર્તા પુરાણમાં આવે છે તે આ પ્રમાણે છે.)

ભગવાન ઋષભદેવનો જીવ પૂર્વે વજ્રજંઘ રાજા હતો, તે ભવમાં તેણે મુનિરાજને આહારદાન કર્યું હતું, ત્યારે અતિ વિનયપૂર્વક તેણે મુનિરાજને પૂછ્યું —“હે નાથ ! આ મતિવર મંત્રી આદિ મને ભાઈ સમાન પ્રિય લાગે છે તો મને તેના પૂર્વભવનું વૃત્તાંત બતાવવા કૃપા કરશો.”



ત્યારે મુનિરાજે કહ્યું : “હે રાજન્ ! સાંભળ, આ મતિવર મંત્રીનો જીવ પૂર્વભવમાં વિદેહક્ષેત્રમાં એક પર્વત ઉપર સિંહ હતો. એકવાર ત્યાંનો રાજા પ્રીતિવર્ધન તે પર્વત ઉપર આવ્યો અને ત્યાં પિહિતાસ્રવ નામના મુનિનું વિધિપૂર્વક આહારદાન કર્યું. સિંહને (મતિવર મંત્રીનો જીવ અથવા ભરત ચક્રવર્તીનો જીવ) આ દૃશ્ય જોઈને જાતિસ્મરણજ્ઞાન થયું. તે સમયે સિંહનો સ્વભાવ શાંત થઈ ગયો, પછી મુનિરાજના ઉપદેશથી તેણે વ્રત ધારણ કરી સંન્યાસ મરણ (સમાધિમરણ) અંગીકાર કર્યો.

જ્યારે મુનિરાજ પિહિતાસ્રવે તે સિંહની સમાધિ-મરણની સંપૂર્ણ વાત જાણી લીધી ત્યારે રાજા પ્રીતિવર્ધનને કહ્યું —“હે રાજન્ ! આ પર્વત ઉપર એક સિંહ શ્રાવકવ્રત ધારણ કરીને સમાધિ-મરણ કરી રહ્યો છે, તે નિકટ મોક્ષગામી છે તેથી તારે તેની સેવના કરવી યોગ્ય છે. આ સિંહનો જીવ થોડા સમયમાં ભરતક્ષેત્રના પ્રથમ તીર્થંકરનો પુત્ર ભરત ચક્રવર્તી થઈને તે જ ભવે મોક્ષને પામશે.”

મુનિરાજના વચન સાંભળીને રાજાને ખૂબ જ આશ્ચર્ય થયું. તેણે મુનિરાજની સાથે




જઈને તે વૈરાગી સિંહને જોયો. પછી રાજાએ તેની સેવા તથા સમાધિમાં યોગ્ય સહાયતા કરી. ''આ સિંહનો જીવ દેવ થઈને ત્યાંથી અમુક ભવ કરી મોક્ષ પામશે.''—આમ સમજીને મુનિરાજે પણ તેના કાનમાં ણમોકાર મંત્ર સંભળાવ્યો.

૧૮ દિવસ સુધી આહારનો ત્યાગ કરીને પંચપરમેષ્ઠીના ચિંતવનપૂર્વક દેહ છોડીને તે સિંહ બીજા સ્વર્ગમાં દેવ થયો. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી બીજા સ્વર્ગમાં દેવ થયો. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી આ તમારો મંત્રી મતીવર થયો છે.

હે રાજા ! હવે આઠમાં ભવમાં તમે જ્યારે ઋષભદેવ તીર્થંકર થશો, તે સમયે આ મતીવર મંત્રીનો જીવ તમારો પુત્ર (ભરત ચક્રવર્તી) થઈને તે જ ભવે મોક્ષ પ્રાપ્ત કરશે.—આ પ્રકારે મુનિરાજે રાજા વજ્રજંઘને મતીવર મંત્રીનો પૂર્વભવ કહ્યો.

મતિવર મંત્રી પોતાના ભૂત અને ભવિષ્યના ભવિષ્યના ભવ સંબંધી ઉત્તમ ચર્ચા મુનિરાજના શ્રીમુખે સાંભળીને ખૂબ આનંદિત થયા.



## બે જ્ઞાનીઓની ચર્ચા

એક હતો સિંહ ને એક હતો હાથી. બંનેની એકવાર મુલાકાત થઈ. તે બંને આત્માને જાણવાવાળા હતા. અને આનંદથી વાત કરતા હતા

સિંહે પૂછ્યું : હે ગજરાજ ! તમને આત્મજ્ઞાન ક્યાં થયું ?

હાથીએ કહ્યું : હે વનરાજ ! સમ્મેદશિખર તરફ એક સંઘ જઈ રહ્યો હતો તેમની સાથે રહેવાવાળા એક જૈન મુનિરાજ શ્રી અરવિંદના ઉપદેશથી મને આત્મજ્ઞાન થયું.

પછી હાથીએ પૂછ્યું : હે વનરાજ ! તમને આત્મજ્ઞાન ક્યાં થયું ?

સિંહે કહ્યું : આકાશમાર્ગથી બે મુનિરાજ આવ્યા હતા, તેમના ઉપદેશથી મને આત્મજ્ઞાન થયું.

પછી સિંહે પૂછ્યું : હે હાથીભાઈ ! તમે ભવિષ્યમાં શું થશો ?

હાથીએ કહ્યું : હું પારસનાથ તીર્થંકર થઈને મોક્ષ પામીશ.

પછી હાથીએ પૂછ્યું : હે સિંહભાઈ ! તમે ભવિષ્યમાં શું થશો ?

સિંહે કહ્યું—હું મહાવીર તીર્થંકર થઈને મોક્ષ પામીશ.

વાહ ! એક-બીજાની આ સરસ વાત સાંભળીને તે બંને ભાવી તીર્થંકર ખુશ થયા અને તે બંનેની વાત સાંભળીને આપણે પણ ખુશ થયા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત

# બૃહદ્-દ્રવ્યસંગ્રહ અધ્યયન વર્ષ

**સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ**

**પ્રશ્નપત્ર ક્રમાંક–૮ (કુલ માર્ક્સ–૫૦)**

અભ્યાસ ક્રમ –બૃહદ્-દ્રવ્યસંગ્રહ ગાથા ૩૫ લોકભાવના

**સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.**
**(૨) પ્રશ્નોના ઉત્તર બૃહદ્-દ્રવ્યસંગ્રહ આધારિત આપવાના રહેશે.**

**પ્રશ્ન-૧ : નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ પંદર પ્રશ્નોના જવાબ લખો. (બે લાઈન) ૧૫**

(૧) પરમસમાધિ દુર્લભ કેમ છે ?
(૨) મનુષ્યભવ દુર્લભ કેમ છે ?
(૩) બોધિ અને સમાધિ કોને કહે છે ?
(૪) ધર્મ અથવા ચારિત્રના બે ભેદ ક્યા છે ?
(૫) ધર્મ અનુપ્રેક્ષા કોને કહે છે ?
(૬) ધર્મની પ્રાપ્તિ ન થવાથી શું થાય છે ?
(૭) બાવીસ પરિષહોના નામ બતાવો.
(૮) પરિષહજય કોને કહે છે ?
(૯) ચારિત્રની વ્યાખ્યા શું છે ? તે કેટલા ને ક્યા પ્રકારની છે ?
(૧૦) ભાવસંવરના ભેદો જણાવો.
(૧૧) અજ્ઞાનીના ૩૬૩ મતોના ભેદો ક્યા ક્યા છે ?
(૧૨) એક સમયનો બંધ કોના માટે સ્થિતિબંધનું કારણ નથી. શા માટે ?
(૧૩) સરાગ સમ્યગ્દષ્ટિઓને વીતરાગ વિશેષણનું શું પ્રયોજન છે ?
(૧૪) જ્ઞાનીનો શુભોપયોગ શાના સંવરનું કારણ છે ?
(૧૫) અજ્ઞાનીઓને સવિપાક નિર્જરા થાય છે તે કેમ નિષ્ફળ છે ?
(૧૬) ભાવમોક્ષ અને દ્રવ્યમોક્ષ કોને કહેવાય છે ?
(૧૭) કઈ કર્મ પ્રકૃતિઓ શુભ અને કઈ પ્રકૃતિઓને અશુભ કહેવાય છે ?

**પ્રશ્ન-૧ : નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ બાર પ્રશ્નોના જવાબ લખો. (ત્રણ લાઈન) ૨૪**

(૧) જગતમાં ઉત્તરોત્તર દુર્લભ શું છે ? અત્યંત દુર્લભ શું છે ?
(૨) સંવરના વર્ણનમાં વ્રતાદિનું વિસ્તારથી કથન શા માટે આવે છે ?
(૩) ભાવનિર્જરા અને દ્રવ્યનિર્જરા કોને કહેવાય ?
(૪) સવિપાક નિર્જરા સમ્યગ્જ્ઞાનીઓને જ હોય એવો નિયમ નથી. શા માટે ?
(૫) સરાગ સમ્યગ્દષ્ટિઓની નિર્જરાને શા માટે પરંપરા મોક્ષનું કારણ કહે છે. તે વાત શ્રી કુંદકુંદાચાર્યે કયાં કહી છે ?
(૬) છેદોપસ્થાપન ચારિત્ર કોને કહેવાય છે ?
(૭) સૂક્ષ્મ સાંપરાય ચારિત્ર કોને કહે છે ?
(૮) યથાખ્યાત ચારિત્ર કોને કહે છે ?

(જુઓ અનુસંધાન પેજ નં. ૩૪ ઉપર)

## શ્રી આંતરરાષ્ટ્રીય દિગંબર જૈન મુમુક્ષુ મહિલામંડળ દ્વારા
## અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં વિવિધ અદ્‌ભુતતાયુક્ત અત્યાનંદોલ્લાસથી ઊજવાયેલ
# પરમ ઉપકારી કહાન ગુરુદેવનો
# મહામંગલકારી ૧૨૮મો જન્મ મહોત્સવ

### પંચાહ્નિક આયોજન તથા ઉત્સાહ

ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામીની દિવ્યધ્વનિથી પ્રસૂત તથા ભગવત્કુંદકુંદાચાર્યદેવ દ્વારા પ્રવાહિત સ્વાનુભવમુદ્રિત અધ્યાત્મયુગસ્રષ્ટા ધર્મપુરુષ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૨૮મો આનંદકારી વાર્ષિક મંગલ જન્મોત્સવ, તેઓની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સ્વાનુભૂતિતીર્થ શ્રી સુવર્ણપુરી (સોનગઢમાં) તા. ૨૪-૪-૨૦૧૭ થી તા. ૨૮-૪-૨૦૧૭ સુધી પંચાહ્નિક, ગુરુ-મહિમાદ્યોતક વિભિન્ન રોચક કાર્યક્રમ સહ અતિ ભવ્ય સમારોહપૂર્વક ઊજવવામાં આવ્યો હતો.

### પૂજન મંડપમાં શ્રી જિનેન્દ્ર પંચકલ્યાણક પૂજન વિધાનનું ભવ્ય આયોજન

સ્વાધ્યાયમંદિરની પૂર્વદિશામાં ભવ્ય ડોમ મંડપની રચના કરી તેમાં સુંદર તેમજ કલાત્મક જિનેન્દ્ર ભગવંતના પંચ કલ્યાણકની રચના કરવામાં આવી હતી. તેમાં શ્રી સીમંધર ભગવાન તથા ધાતકીવિદેહના ભાવી તીર્થંકરની અધ્યક્ષતામાં પૂજા ભવ્ય રીતે કરવામાં આવી હતી. આ પૂજન વિધાનનો એકસાથે ૧૫૦૦ થી ૧૬૦૦ મુમુક્ષુઓએ ઉત્સાહથી લાભ લીધો હતો. બધા મુમુક્ષુ શાંતિથી બેસી પૂજા કરી શકે તેવી વ્યવસ્થા આંતરરાષ્ટ્રીય દિગંબર જૈન મુમુક્ષુમંડળના કાર્યકર્તાઓએ કરી હતી.

### ઉત્સવનો દૈનિક કાર્યક્રમ

ભવ્ય સજાવટોથી વિભૂષિત મનોહર મંડપમાં ક્રમશઃ સવારે પૂજ્ય ગુરુદેવશ્રીનું માંગલિક તથા પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચા રાખવામાં આવી હતી. સવારે પૂજન મંડપમાં શ્રી પંચકલ્યાણક વિધાન પૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર અધ્યાત્મ—રસપૂર્ણ સીડીપ્રવચન, પ્રાસંગિક—ગુરુભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્ર પ્રવચન, જિનેન્દ્રભક્તિ તથા સાંજીભક્તિ, શિક્ષણવર્ગ, રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર સીડી પ્રવચન, તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ.—આ પ્રક્રમ બરાબર નિયમિત સુચારુરૂપે ચાલતો હતો.

### ભવ્ય રથોત્સવ તથા કહાનકુંવર—પારણાઝૂલન

વાર્ષિક ગુરુ—જન્મોત્સવના હર્ષોપલક્ષમાં તા. ૨૭-૪-૨૦૧૭ના દિવસે સાંજે 'ધાતકી-વિદેહના ભાવિ-તીર્થંકરદેવ'ના રથોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. રથમાં જિનેન્દ્ર ભગવાનને બિરાજમાન કરવાનો લાભ શ્રી અભિષેક રાજેશભાઈ હસ્તે અંજનભાઈને તેમજ ભગવાનના રથના સારથી બનવાનો લાભ શ્રી હસમુખભાઈ ફૂલચંદ દોશી, સિકન્દ્રાબાદને પ્રાપ્ત થયો હતો. રથયાત્રામાં વિભિન્ન અનેક સજાવટ સાથે 'કહાનકુંવરના પારણાઝુલન'નો અતિ મનોહર ફ્લોટ બધાનું ગુરુભક્તિભીનું ચિત્ત પોતાની તરફ કેન્દ્રિત કરતો હતો. પારણાઝુલનની બોલીનું સૌભાગ્ય શ્રી સપાણી પરિવાર, સોનગઢ-મુંબઈ-મદ્રાસ-હૈદ્રાબાદને સંપ્રાપ્ત થયું હતું.

ઉત્સવના ચારે દિવસ વિવિધ ગામોના ૧૨ મુમુક્ષુ મહિલામંડળ દ્વારા—પ્રથમ દિવસે રાજકોટ, હિંમતનગર અને ખંડવા, બીજા દિવસે અમદાવાદ, સુરેન્દ્રનગર અને ઈન્દૌર, ત્રીજા દિવસે ભાવનગર, હૈદ્રાબાદ અને સુરત ચોથા દિવસે બોટાદ, પાર્લા અને મલાડના મહિલામંડળ દ્વારા નાટિકાઓ, પૂજ્ય ગુરુદેવશ્રીના જીવન પ્રસંગો તથા વિવિધ ભક્તિ નૃત્યગીતો સહ ઉપરોક્ત સાંસ્કૃતિક કાર્યક્રમ અત્યંત ભાવવાહી અને ભવ્ય રીતે રજૂ કરવામાં આવ્યા હતા. આ સર્વે કાર્યક્રમો મુમુક્ષુ ભાઈ-બહેનોને ખૂબ જ પસંદ આવ્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમ માટે વિવિધ ગામોના મહિલા મંડળના ભાઈ-બહેનોએ ઘણી જ તૈયારી કરી હતી.

## ગુરુ-જન્મોત્સવ : વૈશાખી બીજ

## સભામંડપની શોભા તથા બીજનો કાર્યક્રમ

ગુરુ-જન્મ જયંતીના વાર્ષિક મંગલ દિવસે સવારે દેવશાસ્ત્રગુરુ દર્શન પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચા. ત્યારબાદ શ્રી પંચકલ્યાણક વિધાન પૂજા સમાપન, સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન તેમજ પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ વધાઈનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીનું સ્ટેજ પર આગમનની સુંદર રચના કરવામાં આવી હતી તેમજ અતિ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ આંતરરાષ્ટ્રીય દિગંબર મહિલા મંડળ દ્વારા યોજવામાં આવ્યો હતો. પૂજ્ય બહેનશ્રીની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના વધામણાંનું દૃશ્ય દર્શાવવામાં આવ્યું હતું. ગુરુદેવશ્રીને પ્રથમ વધાવવાનો લાભ શ્રી શારદાબેન શાંતિલાલ શાહ પરિવાર તથા શ્રી પ્રવીણાબેન કાંતિલાલ કામદાર પરિવારના સભ્યોને મળ્યો હતો ત્યારબાદ અન્ય મુમુક્ષુઓએ ભક્તિ ઉલ્લાસ સહિત પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ વધામણા કર્યા. આ ઉત્સવમાં વિવિધ દિવસોએ પૂજ્ય ગુરુદેવશ્રીનું જીવન દર્શાવતા વિવિધ પ્રકારના ચિત્રપટોથી સ્ટેજ શણગારવામાં આવતું હતું. વધાઈ વખતે ભક્તોનો ઉત્સાહ સમાતો નહોતો. આબાલ-વૃદ્ધ સર્વે ભક્તિથી નૃત્ય કરી રહ્યા હતા. આ ઉત્સવ મુમુક્ષુઓને વિશિષ્ટ લાગ્યો હતો જાણે કે પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી સદેહે આપણી વચ્ચે પધાર્યા હોય એવો અનુભવ થતો હતો. તથા આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને કાર્યક્રમ અત્યંત રસપ્રદ બનાવ્યો હતા.

આ મંગલ અવસર પર સર્વશ્રી બ્ર. વજુભાઈ(વઢવાણ) ઉપસ્થિત હતા. બપોરના શાસ્ત્ર પ્રવચન તથા ઉત્તમ-મધ્યમવર્ગમાં અધ્યાપનકાર્ય શ્રી સુભાષભાઈ શેઠ—વાંકાનેર, શ્રી અતુલભાઈ કામદાર—હૈદ્રાબાદ, શ્રી રાજુભાઈ કામદાર—રાજકોટ, શ્રી નીતિનભાઈ શેઠ—વાંકાનેર, શ્રી નિરંજનભાઈ ડેલીવાળા—સુરત દ્વારા શાસ્ત્રપ્રવચન તથા ઉત્તમ-મધ્યમવર્ગમાં અધ્યાપનકાર્ય ગુરુમહિમાપૂર્ણ સુંદર શૈલીથી કરવામાં આવ્યું હતું.

## ઉત્સવના વિશેષ કાર્યક્રમ

શુક્રવાર તા. ૨૬-૪-૨૦૧૭ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન બાદ ટ્રસ્ટના પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરા, ટ્રસ્ટીઓની ઉપસ્થિતિમાં નીચે મુજબ વિમોચનના કાર્યક્રમ થયા હતા.

(૧) જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ-૫ (ગુજરાતી તથા હિન્દી આવૃત્તિ)નું વિમોચન તેના સ્થાયી પુરસ્કર્તા તથા કિંમત ઘટાડવાનો લાભ લેનાર પરિવાર દ્વારા થયું.

(૨) પંચ કલ્યાણક પ્રવચન પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

(૩) નાટક સમયસાર અક્ષરશઃ પ્રવચન ભાગ-૫નું વિમોચન શ્રી કુંદકુંદકહાન દિગંબર જૈન મુમુક્ષુમંડળ, પાર્લાના ટ્રસ્ટીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

કહાનગુરુ જન્મોત્સવના આ ઉત્સવને ભવ્યાતિભવ્ય રીતે ઉજવવા માટે મુમુક્ષુ મહિલા મંડળના કાર્યકરોએ તેમજ બ્ર. કોકિલાબહેન, વાસંતીબેન ભાયાણી, બ્ર. આશાબહેન તથા સર્વ બ્ર. બહેનો સહિત દરેક મહિલા મંડળોએ ઘણી જ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમમાં પધારેલ મહેમાનો માટે ભવ્ય મંડપમાં શિસ્તબદ્ધ ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આવાસની વ્યવસ્થામાં મુમુક્ષુઓએ ઘણો જ સંતોષનો અનુભવ થયો હતો. આ મહોત્સવનો સંપૂર્ણ ખર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા મંડળ દ્વારા આપવામાં આવ્યો હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીનો ૧૨૮મો જન્મજયંતી મહોત્સવ જાણે કે પંચકલ્યાણક મહોત્સવ ઉજવાઈ રહ્યો છે તેવું દૃશ્ય લાગતું હતું. શ્રી આંતરરાષ્ટ્રીય દિગંબર જૈન મુમુક્ષુ મહિલામંડળ દ્વારા ઉજવાયેલ ૧૨૮મો પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ મહોત્સવ સર્વોત્કૃષ્ટ ઉજવવા બદલ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ શ્રી આંતરરાષ્ટ્રીય દિગંબર જૈન મુમુક્ષુ મહિલા મંડળના આભારી તથા ઋણી છે.

* * *

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૭-૪૫ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર સોળમીવારનું પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ |
| બપોરે ૩-૧૫ થી ૪-૧૫ | : | શ્રી પંચાસ્તિકાય ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ | : | બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

* **આર્દ્રા નક્ષત્ર** :—આર્દ્રા નક્ષત્રનો પ્રારંભ તા. ૨૨-૬-૨૦૧૭ના રોજ સવારે ૫.૦૯ મિનિટે થાય છે.

* **નંદીશ્વર અષ્ટાહ્નિકા** :—અષાઢ સુદ-૮, તા. ૧-૦૭-૨૦૧૭, શનિવારથી અષાઢ સુદ-૧૫, તા. ૮-૭-૨૦૧૭ શનિવાર સુધી સુવર્ણપુરીમાં નંદીશ્વર જિનાલયમાં નંદીશ્વર વિધાન પૂજા તથા ભક્તિના વિશેષ આરાધનાપૂર્વક ઊજવવામાં આવશે.

* **વીરશાસન જયંતી** :—અષાઢ વદ-૧, સોમવાર, તા. ૧૦-.૭-૨૦૧૭ના રોજ શ્રી વીરશાસનજયંતી વિશેષ પૂજાભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

## (૪૭)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન તથા ઉત્તર

પ્રશ્ન-૫૭ : ધ્યાનદશા વખતે આત્મામાં કઈ કઈ જાતની પર્યાય હોય ?

ઉત્તર : અર્થપર્યાય અને વ્યંજનપર્યાય બંને હોય છે.

પ્રશ્ન-૫૮ : અરૂપી વસ્તુને આકૃતિ હોય ?

ઉત્તર : હા, પ્રદેશત્વગુણને લીધે દરેક વસ્તુને પોતાની આકૃતિ હોય જ, તેને વ્યંજનપર્યાય કહેવાય છે. આકૃતિ વગરની કોઈ વસ્તુ હોઈ શકે નહિ.

પ્રશ્ન-૫૯ : ધર્મ-અધર્મ-આકાશ અને કાળ—એ ચાર દ્રવ્યને સ્વભાવવ્યંજનપર્યાય છે કે વિભાવવ્યંજનપર્યાય છે ?

ઉત્તર : એ ચારે દ્રવ્યોને સદાય સ્વભાવવ્યંજનપર્યાય જ હોય છે, તેની પર્યાયમાં કદી વિકાર થતો નથી, સંસારીજીવને અને સ્કંધના પરમાણુઓને જ વિભાવવ્યંજનપર્યાય હોય છે.

પ્રશ્ન-૬૦ : અગુરુલઘુત્વગુણ પ્રતિજીવી છે કે અનુજીવી ?

ઉત્તર : અગુરુલઘુત્વગુણ બે પ્રકારના છે, તેમાં જે સામાન્ય અગુરુલઘુગુણ છે તે અનુજીવી છે અને જે જીવનો વિશેષ અગુરુલઘુગુણ છે તે પ્રતિજીવી છે.

પ્રશ્ન-૬૧ : બંને અગુરુલઘુગુણમાં અભાવસૂચક 'અ' આવે છે છતાં બંનેમાં ભેદ કેમ ?

ઉત્તર : સામાન્ય અગુરુલઘુગુણ તો બધી વસ્તુઓમાં ત્રિકાળ છે, તે ગુણ કોઈ બીજાના અભાવની અપેક્ષા રાખતો નથી માટે તે અનુજીવી છે અને વિશેષ અગુરુલઘુગુણ તો ગોત્રકર્મનો અભાવ થતાં સિદ્ધદશામાં પ્રગટે છે–કર્મના અભાવની અપેક્ષા રાખતો હોવાથી તે પ્રતિજીવી ગુણ છે. (જેમાં 'અ' આવે તેને પ્રતિજીવી ગુણ કહેવો એવો કાંઈ નિયમ નથી)

પ્રશ્ન-૬૨ : મન જ્ઞાન કરતાં અટકાવે છે કે મદદ કરે છે ?

ઉત્તર : મન તો જડ છે, તે જ્ઞાનથી જુદું છે તેથી તે જ્ઞાન કરવામાં મદદ પણ ન કરે અને અટકાવે પણ નહિ.

પ્રશ્ન-૬૩ : 'આત્મા દેહ છોડીને ચાલ્યો ગયો'–ત્યારે અહીંથી છ દ્રવ્યોમાંથી કેટલા દ્રવ્યો ગયા ?

ઉત્તર : એક તો જીવ અને તેની સાથે કાર્મણ તથા તૈજસ શરીરના રજકણો, એટલે કે જીવ અને પુદ્‌ગલ દ્રવ્યો ગયાં. જીવ અને પુદ્‌ગલ દ્રવ્ય સિવાયનાં ચારે દ્રવ્યો તો સદા સ્થિર છે, તેઓમાં કદી ક્ષેત્રાંતર થતું જ નથી.

પ્રશ્ન-૬૪ : 'શરીરને છોડીને જીવના પ્રદેશોનું બહાર ફેલાવું તેને સમુદ્‌ઘાત કહે છે'–આ વ્યાખ્યા બરાબર છે ?

ઉત્તર : ના, આ વ્યાખ્યા બરાબર નથી. શરીરને છોડીને બધા આત્મપ્રદેશ બહાર નીકળી જાય તો મરણ કહેવાય, સમુદ્ઘાતમાં તો મૂળ શરીરને છોડ્યા વગર આત્મપ્રદેશો બહાર ફેલાય છે.

પ્રશ્ન-૬૫ : રાગ-દ્વેષ આત્માના છે કે જડના છે ?

ઉત્તર : રાગ-દ્વેષભાવ આત્માની પર્યાયમાં થાય છે તે અપેક્ષાએ તો તે આત્માના છે, પરંતુ રાગ-દ્વેષભાવ તે શુદ્ધ આત્માનું સ્વરૂપ નથી—તેથી આત્માનું શુદ્ધસ્વરૂપ બતાવવા માટે તેને જડના પણ કહેવાય છે.

પ્રશ્ન-૬૬ : ઈન્દ્રિય સિવાય જીવ હોઈ શકે કે નહિ ?

ઉત્તર : હા, સિદ્ધદશામાં અનંત જીવો છે તેઓને ઇન્દ્રિય કે શરીર નથી, તેમજ જીવ જ્યારે એક ગતિમાંથી બીજી ગતિમાં ગમન (વિગ્રહ ગતિ) કરે છે ત્યારે પણ તેને ઈન્દ્રિય કે સ્થૂળ શરીર હોતાં નથી, અને ખરી રીતે તો બધા જ જીવો ઈન્દ્રિય અને શરીર વગરના જ છે, ઈન્દ્રિય અને શરીર તો જડ છે, જ્ઞાનસ્વરૂપ આત્મા તેનાથી જુદો જ છે. વ્યવહારથી જીવને ઓળખવા માટે એકેન્દ્રિય વગેરે નામ આપ્યાં છે, તે એમ સૂચવે છે કે તે જીવને જ્ઞાનમાં તે પ્રકારનો ઉઘાડ છે.

પ્રશ્ન-૬૭ : જડ અને પુદ્ગલમાં શું ફેર છે ?

ઉત્તર : જડનું લક્ષણ અચેતનપણું છે તેથી 'જડ' કહેતાં તેમાં જીવ સિવાયના પાંચે દ્રવ્યોનો સમાવેશ થઈ જાય છે અને પુદ્ગલનું લક્ષણ રૂપીપણું છે તેથી પુદ્ગલ કહેતાં એકલું પુદ્ગલ દ્રવ્ય લક્ષમાં આવે છે, જડ તો રૂપી પણ હોય અને અરૂપી પણ હોય, પરંતુ પુદ્ગલ તો રૂપી જ હોય છે.

પ્રશ્ન-૬૮ : સત્દેવનું ટૂંકામાં ટૂંકું સ્વરૂપ શું ?

ઉત્તર : સર્વજ્ઞતા, જ્યાં સર્વજ્ઞતા હોય ત્યાં વીતરાગતા હોય જ.

પ્રશ્ન-૬૯ : 'અર્હંતદેવ' અને 'સ્વર્ગના દેવ' એ બે દેવોમાં શું ફેર છે ?

ઉત્તર : અર્હંતદેવ પૂજનીક છે. તેઓ પૂર્ણજ્ઞાની છે, વિકાર રહિત છે, જીવનમુક્ત છે, ભવરહિત છે, પણ સ્વર્ગના દેવ તો અપૂર્ણજ્ઞાનવાળા છે, વિકાર સહિત છે, સંસારી છે. ભવસહિત છે, અર્હંતપ્રભુને દેવપણું ગુણના કારણે છે તેથી પૂજનીક છે અને સ્વર્ગનું દેવપણું તે તો પુણ્યનું ફળ છે. તેથી તે દેવપદ પૂજનીક નથી સ્વર્ગના દેવોમાં જોકે કેટલાક સમ્યગ્દષ્ટિ પણ છે પરંતુ પંચપરમેષ્ઠીરૂપ દેવપણું સ્વર્ગમાં હોતું નથી.

પ્રશ્ન-૭૦ : કુદેવ, કુગુરુની ભક્તિ કરવાથી જીવને શું લાભ થાય ?

ઉત્તર : કુદેવ-કુગુરુની ભક્તિ કરવાથી જીવને કાંઈ જ લાભ ન થાય, ઉલટું મિથ્યાત્વના પોષણથી સંસારભ્રમણ થાય, ને જીવના ગુણ હણાય.

## (૪૭)

# બાળકો માટેના પ્રશ્નોત્તર

(નાના બાળકોના જોડકા)

ક્યા ભગવાન ક્યાંથી મોક્ષ ગયા છે ?

| | |
|---|---|
| (૧) સમ્મેદશિખરજી | (૧) જંબૂસ્વામી |
| (૨) પાવાપુરી | (૨) ઈન્દ્રજિત, કુંભકર્ણ |
| (૩) ચંપાપુરી | (૩) બાલી, મહાબાલી, નાગકુમાર |
| (૪) ગિરનારજી | (૪) સાત બલભદ્ર |
| (૫) કૈલાસ પર્વત | (૫) વીસ જિનેશ્વર |
| (૬) માંગીતુંગી | (૬) રામ, હનુમાન, સુગ્રીવ, નીલ, મહાનીલ |
| (૭) શત્રુંજય | (૭) નંગ, અનંગકુમાર |
| (૮) પાવાગઢ | (૮) તીન પાંડવ મુનિરાજ |
| (૯) કુંથલગિરિ | (૯) મહાવીર ભગવાન |
| (૧૦) સોનાગિરિ | (૧૦) શંબુ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ |
| (૧૧) ગજપંથા | (૧૧) નેમિનાથ ભગવાન |
| (૧૨) સિદ્ધવરકૂટ | (૧૨) વરદત્ત આદિ પાંચ ઋષિરાજ |
| (૧૩) દ્રોણગિરિ | (૧૩) વાસુપૂજ્ય ભગવાન |
| (૧૪) મથુરા | (૧૪) આદિનાથ ભગવાન |
| (૧૫) ગિરનાર શિખર | (૧૫) સુવર્ણભદ્રાદિ ચાર મુનિ |
| (૧૬) બડવાની | (૧૬) ગુરુદત્તાદિ મુનિશ્વર |
| (૧૭) અષ્ટાપદ | (૧૭) લવ, કુશ મુનિરાજ |
| (૧૮) રેસંદીગિરિ | (૧૮) બે ચક્રી દસ કામકુમાર |
| (૧૯) પાવાગીરીવર | (૧૯) બાહુબલીજી |
| (૨૦) પોદનપુર | (૨૦) દેશભૂષણ, કુલભૂષણ મુનિરાજ |

# બાળકો માટેના આપેલ
# પ્રશ્ન મે–૨૦૧૭ના ઉત્તર

(૧) ચેતન – જડ
(૨) દર્શન-જ્ઞાન-સુખ ચારિત્ર
(૩) મોહ – દુઃખી
(૪) આકુલતા – દુઃખી
(૫) ચૈતન્ય – સુખ
(૬) રાગ – ચેતન
(૭) જ્ઞાન
(૮) બંધ
(૯) આકુળતા – શાંતિ
(૧૦) વીતરાગવિજ્ઞાન
(૧૧) પુણ્ય
(૧૨) મિથ્યાત્વ
(૧૩) બંધન–આત્મા–મુક્તિ
(૧૪) રાગ–ચૈતન્ય
(૧૫) દુઃખદાયક
(૧૬) મોક્ષ–અજ્ઞાન
(૧૭) આનંદ–ચેતન
(૧૮) આત્મા – આનંદ
(૧૯) રુચિ–આત્મા–જડ
(૨૦) ચૈતન્ય–અનુભવ

(અનુસંધાન પેજ નં. ૨૭ થી ચાલુ)

(૯) સામાયિક આદિ પાંચ પ્રકારના ચારિત્રના સ્વામી કોણ કોણ છે ? તે ગુણસ્થાન આધારે સમજાવો.
(૧૦) સંયમાસંયમ ચારિત્ર ક્યા ગુણસ્થાન સુધી હોય છે ?
(૧૧) સંસારી જીવોને નિરંતર કર્મબંધ થાય છે તો મોક્ષ કેવી રીતે થાય ?
(૧૨) મોક્ષના વિષયમાં નવ દૃષ્ટાંત ક્યાં છે તે જણાવો.
(૧૩) અનાદિકાળથી જીવ મોક્ષ પામે છે તેથી શું જગત ખાલી થઈ જશે ? શા માટે ?
(૧૪) ષોડશકારણ ભાવનાના નામ જણાવો. તીર્થંકર પ્રકૃતિનો બંધ કોને થાય છે ?

**પ્રશ્ન-૪ નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર નિબંધ લખો (પંદર લાઈન) ૧૧**

(૧) મુક્તાત્માનું સુખ કેવું હોય છે ?
(૨) સમ્યગ્દૃષ્ટિ જીવને તો પુણ્ય-પાપ બંને હેય છે તો તે પુણ્ય કેમ કરે ?

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

● પુણ્યના પરિણામનું કામ સર્વજ્ઞને સોંપાય ? ચક્રવર્તીને વાશીદાનું કામ ન સોંપાય. તેમ આત્મા સર્વજ્ઞસ્વભાવી છે. એવું ભાન થયું એને પુણ્યના કાર્યમાં કર્તાબુદ્ધિ ન હોય. ૨૨૩.

● સમકિતીની આખી દુનિયામાંથી રુચિ ઉડી ગઈ છે. એક આત્મામાં જ રુચિ છે, એક આત્માને જ ઠરવાનું ઠામ જાણે છે. ફરી ફરીને એક આત્મા તરફ જ તેની પરિણતિ આવે છે. ૨૨૪.

● પુણ્યથી આત્મા પમાય ઈ આત્માને ગાળ આપે છે. એને પામવાનું સાધન તો એની અંદરમાં પડ્યું છે, ઈ કાંઈ પાંગળો નથી. ૨૨૫.

● ભગવાન આત્મામાં એકાકાર થવું, વીંટાઈ જવું એનું નામ વ્રત છે. ૨૨૬.

● આત્મા આનંદસ્વરૂપ છે. એના ભાન વિના વ્રત, જપ ને તપ ઈ બધું "વર વિનાની જાન" જેવું છે. ૨૨૭

● જ્યાં સુધી પૈસામાં સુખ નથી, પુણ્ય-પાપમાં સુખ નથી—એમ અંતરમાં ભાસે નહીં, ત્યાં સુધી ઈ આત્માના સુખમાં જંપલાવે નહીં. ૨૨૮.

● આ વાત સમજવામાં અનંતો પુરુષાર્થ જોઈએ. ઘણી અંદરમાં પાત્રતા જોઈએ, બધેથી સુખબુદ્ધિ ઉડી જવી જોઈએ, એની ઘણી પાત્રતા જોઈએ. એની પર્યાયમાં ઘણી યોગ્યતા જોઈએ છે. શ્રીમદ્ કહે છે કે તું તારા દોષથી દુઃખી થઈ રહ્યો છે, તારો દોષ એટલો કે પરને પોતાનું માનવું ને પોતાને ભૂલી જવું. ૨૨૯.

● સુખને જગત ઈચ્છે છે, પણ સુખના કારણને જાણતું નથી. દુઃખને લેશ માત્ર જગત જીવો ઈચ્છતા નથી, પણ દુઃખના કારણમાં લીન છે. ૨૩૦.

● દુર્ધર, દુષ્કર જો કાંઈપણ હોય તો તે આત્માનો પુરુષાર્થ છે. બાકી બધું થોથે થોથા છે. ઉત્તમમાં ઉત્તમ પણ એ જ છે. ૨૩૧.

● વિચારમાં ઊભો છે તેને ભક્તિ આદિનો રાગ આવ્યા વિના રહે જ નહીં. એવો જ સ્વભાવ છે. ભક્તિ આદિનો રાગ હોય છે છતાં હેય છે. ૨૩૨.


● જેને માથે જનમ-મરણની ડાંગુ તોળાઈ રહી છે અને તે સંયોગોમાં રાજીપો માની રહ્યો છે તે પાગલ છે. ૨૩૩

● સત્‌ને માટે આખું જગત વેચાઈ જાવ, આખું જગત જાવ, પણ આત્મા જતો ન કરાય. ૨૩૪.

આત્મધર્મ
જૂન-૨૦૧૭
અંક-૧૦ ● વર્ષ-૧૧

Posted at Songadh PO
Publish on 1-6-2017
Posted on 1-6-2017

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

**www.kanjiswami.org**
**email : contact@kanjiswami.org**